॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

માર્ચ ૨૦૧૨
રૂ. ૫/૦૦

## સ.ગુ. અ.નિ. નિર્ગુણદાસજી સ્વામીના પુણ્ય સ્મરણાર્થે ઉજવાયો સ્મૃતિ મહોત્સવ-ભુજ










# સ.ગુ. અ.નિ. નિર્ગુણદાસજી સ્વામીના પૂણ્ય સ્મરણાર્થે ઉજવાયો સ્મૃતિ મહોત્સવ-ભુજ



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

।। યાવજ્જીવં ચ શુશ્રૂષા કાર્યા ।।

।। માનવસેવા પ્રભુસેવા।।

**ધર્મ, જ્ઞાન, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક**

## લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખક એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

**:: લવાજમ ::**

દેશમાં :-
- આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
- વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

વિદેશમાં :-
- આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
- વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**:: E-mail ::**
sandesh@bhujmandir.org
info@bhujmandir.org
**:: website ::**
www.bhujmandir.org.

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૧, અંક - ૩ - માર્ચ - ૨૦૧૨
સળંગ અંક - ૩૧૬

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**-:: સંસ્થાપક ::-**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: પ્રકાશક અને મુદ્રક ::-**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**-:: તંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

## તંત્રીની કલમે...

સર્વાવતારી સર્વોપરી આપણા સૌના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને સદૈવ પોતાનાં ભક્તોનાં હિત જોયાં છે અને સુખિયા કર્યા છે. આ સૃષ્ટિ પર જન્મેલા મુમુક્ષુઓને પરમાત્માની આરાધના, ઉપાસના, ભક્તિનો માર્ગ સુલભ બની રહે તે માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે ગુજરાતમાં છ-છ મંદિરોનું નિર્માણ કરી ભક્તો પર અસીમ કૃપા કરી છે. મંદિરો ભક્તને ભગવાન સાથે જોડતી કડી છે. શ્રીજીમહારાજે મંદિરોના નિર્માણકાર્યને શ્રેયસ્કર કાર્ય ગણાવ્યું છે. આપણા સંપ્રદાયના સંતો અને હરિભક્તો શ્રીજી મહારાજની આજ્ઞાને અનુસરવા સદૈવ તત્પર રહ્યા છે. સંતોની પ્રેરણાથી હરિભક્તોએ દેશમાં અને વિદેશમાં પણ મંદિરોના નિર્માણકાર્યમાં તન-મન-ધનથી અનન્ય સેવા કરી સંપત્તિનો સદુપયોગ કર્યો છે. આવા સંતો અને હરિભક્તો થકી જ સંપ્રદાયનું ગૌરવ વધ્યું છે.

સત્સંગનો વ્યાપ વધતો જાય છે અને હરિભક્તોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થતો જાય છે. પરંતુ ટીવી કલ્ચર અને સેલફોનના યુગમાં આપણા યુવક-યુવતીઓમાં સંપ્રદાયના પરંપરાગત સંસ્કારો જળવાઈ રહે તે પ્રતિ જાગૃતિ રાખવી અનિવાર્ય બની છે. ભારતીય સંસ્કૃતિના સુસંસ્કારોનું સતત સિંચન થતું રહે અને જતન થતું રહે તે માટે સંતો સાવધાન છે.

મેલબોર્ન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, ઉમૈયા મધ્યે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, અંજાર મધ્યે નૂતન મંદિરનો શિલાન્યાસ આદિ મંદિરોના નિર્માણની ગાથા છે. ભુજ મધ્યે પ્રાતઃસ્મરણીય સંત અ.નિ. સ.ગુ. સ્વામી નિર્ગુણસ્વરૂપદાસજીની પુણ્યસ્મૃતિમાં યોજાએલ જ્ઞાનયજ્ઞ કથા પારાયણો, થાણા તથા વિલેપાર્લે-મુંબઈમાં પાટોત્સવ નિમિત્તે યોજાએલ કથા પારાયણ આદિ જ્ઞાનયજ્ઞો દ્વારા ભક્તિસુધા વહેવડાવી ભક્તિરસનું અમૃતપાન કરાવવાની સાથે ભક્તિભાવ અને સમર્પણભાવમાં દૃઢતા આવે અને હરિભક્તો સદાય શ્રીજી મહારાજ સાથે જોડાયેલા રહે તેવાં આયોજનો હાથ ધરાયાં.

યુવાવર્ગમાં જાગૃતિ અને ભક્તિમાં દૃઢતા આવે તે માટે યુવા સંતો અને સાં.યો. બહેનોએ ફોટડી, નેત્રા, ઉમૈયા, રામપર ગંગાજી આદિ પવિત્રસ્થાનોએ સત્સંગ સંમેલનો અને યુવા શિબિરો દ્વારા યુવાવર્ગમાં સાંપ્રદાયિક સંસ્કારોને દૃઢ બનાવવાનું ઉમદા કાર્ય કર્યું છે અને મહિલા મંડળો અને યુવતી મંડળો પણ સતત સત્સંગ શિબિરો દ્વારા ભક્તિભાવ વ્યક્ત કરી રહ્યા છે.

આવી અનેક સત્સંગ પ્રવૃત્તિઓ દ્વારા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના પ્રશંસનીય કાર્યો કરતા સૌ સંતો અને હરિભક્ત ભાઈ-બહેનોને ધન્યવાદ છે.

પરમકૃપાળુ શ્રીહરિ સૌને સમૃધ્ધ અને સુખિયા રાખે એવી શુભેચ્છા સહ. જય શ્રી સ્વામિનારાયણ

- તંત્રી

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

***લેખાંક – ૬***

**લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - વેદાન્તાચાર્ય**

(૩) **ઉપાસના કાંડ** - *ઈશ્વર પ્રાપ્તિ માટે બતાવેલ ઉપાયો દ્વારા પરમાત્માની ભક્તિ, ધ્યાન, મન્ત્રજાપ આદિ કરવું તે ઉપાસના છે. ઉપાસના દ્વારા જીવાત્મા પોતાને પરમાત્માના સ્વરૂપમાં મગ્ન કરી પરમાનંદનો અનુભવ કરવો તે ઉપાસના છે.*

*ઉપાસના કાંડ, જ્ઞાન કાંડ અને કર્મ કાંડના નિષ્કામ કર્મમાં પણ પરમેશ્વરની સ્તુતિ, પૂજા, ઉપાસના, ભક્તિ, ધ્યાનાદિનું અનુષ્ઠાન કરવામાં આવે છે. પરન્તુ સકામ કર્મમાં સાક્ષાત્ પરમાત્માની ઉપાસનાની સાથે-સાથે અભીષ્ટ વિષયની પ્રાપ્તિ માટે પણ પરમાત્માની પ્રાર્થના કરવામાં આવે છે.*

**વેદનો સંદેશ**

*આ સંસારમાં વેદ સૌથી પ્રાચિન ગ્રન્થ છે . વૈદિક ધર્મ સૃષ્ટિમાં માનવ સભ્યતાની સાથેજ પ્રાદુર્ભાવ થયો છે. ઈશ્વરે જીવ પ્રાણી માત્રના ઉપયોગ માટે સંસારમાં વિવિધ પ્રકારની વસ્તુઓ રચી છે, અને તે વસ્તુઓનો ઉચિત ઉપયોગ અને વ્યવહાર કરવા માટે ઋષિઓના હૃદયમાં જ્ઞાન આપ્યું અને ઋષિઓએ શાસ્ત્રો અને ઉપદેશ દ્વારા પદાર્થોનો ઉપયોગ અને વ્યવહારનું જ્ઞાન સામાન્ય મનુષ્યો સુધી પહોંચાળ્યું.*

*જ્યારે ઋષિઓએ મનુષ્યને વેદનો સંદેશ અને આદેશ સંભળાવ્યો ત્યારે આજની જેમ મનુષ્યો સમગ્ર પૃથ્વીપર ફેલાયલ ન હતા. અમુક નિશ્ચિત દેશ અને સ્થાન પર મનુષ્યો રહેતા હતા. એજ રીતે આજની જેમ હજારો ભાષાઓ પણ ન હતી માત્ર એક જ વેદની દેવવાણી સંસ્કૃત ભાષા હતી. તેથી વેદનો સંદેશ મનુષ્યો સુધી સરલતાથી પહોંચતો હતો અને મનુષ્યો તેનું નિષ્ઠાથી અનુષ્ઠાન કરતા હતા.*

*સૃષ્ટિની રચના સમયે ભગવાને મનુષ્યને કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય, મન અને બુદ્ધિ પ્રદાન કરી તેની સાથે -સાથે મનુષ્યને સ્વભાવાભિવ્યક્તિ કરવા માટે સંસ્કૃત ભાષા પણ ઈશ્વરે આપી છે.*

*મહાન સંસારના પાલનહાર પ્રભુએ પહેલું નામ ધારણ કરનાર વાણીને પ્રેરિત કરી.*

**સ્વયં ભગવાન અને ઋષિઓએ વેદ દ્વારા શું સંદેશો આપ્યો તે સાંભળીયે -**

*માતાથી પણ વિશેષ કારુણ્યમય વેદ તમામ જીવ,જગતનું કલ્યાણ જ ઈચ્છે છે, તેથી જીવોને લૌકિક અને પારલૌકિત જ્ઞાનનો ઉપદેશ આપે છે. જેનું પાલન કરવાથી બન્ને લોકમાં જીવાત્મા સુખાનુભવ કરે છે અને અન્તે સંસારના માયાચક્રમાંથી છૂટે છે.*

**સહૃદય**

*૧ પ્રત્યેક મનુષ્ય સહૃદય બને. બીજાના કષ્ટનો અનુભવ કરે બીજા પ્રાણીને દુઃખમાં જોઈને હૃદયમાં દર્દ અનુભવ કરે અને તેને મદદ કરે.*

*सहृदयं सांमनस्यमविद्वेषं कृणोमि वः ।*
*अन्यो अन्यमभिहर्यत वत्सं जातमिवाधून्या ( अथर्ववेद ३-३०-१)*

*આ મંત્રમાં સામાજિક શિક્ષા આપવામાં આવી છે તે કુટુમ્બ, નગર અને દેશને લાગુ પડે છે. મનુષ્યમાત્રને સમાન છે, સહૃદય વિના મનુષ્ય પશુની સમાન છે.*

*સહૃદય વિના સહાનુભૂતિ શૂન્ય મનુષ્ય તો માનવના રૂપમાં પશુની સમાન છે. જો સમાજમાં તમામ લોકોના હૃદય સહૃદય બની જાય તો ભ્રષ્ટાચાર, કલુષ્ય અને કષ્ટ દૂર થઈ જાય.*

*यस्मिन्सर्वाणि भूतानि आत्मैवाभूद् विजानतः ।*
*तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ।।*

*જ્યારે જ્ઞાની સર્વે પ્રાણિઓને આત્મવત્ જોવા લાગે ત્યારે તેને મોહ અને શોક કેવો ? તે સર્વેને એક જ તત્ત્વ છે એવું નિશ્ચયાત્મક જ્ઞાન પણ વેદાધ્યયન, સત્સંગ અને સાધના વિના થતું નથી. વર્ણાશ્રમ વ્યવસ્થામાં રહીને પણ આત્મવત્ દષ્ટિથી સર્વેને એક માનીને સર્વેનું હિત કરતો રહે.*

*સર્વેની બુદ્ધિ અને શક્તિ કર્મ પ્રમાણે જુદી જુદી હોય છે. તેથી દરેકની લૌકિક સમ્પત્તિ પણ ઓછી વધારે હોય છે. પરન્તુ શતહસ્ત સમાહર-સહસ્ત્રહસ્ત સંકિર । વેદ નો સંદેશ છે, કે સો હાથોથી કમાઓ અને હજાર હાથોથી દાન કરો. વેદે દાનનો ઉપદેશ આપીને સમાજમાં આર્થિક સામંજસ્ય સ્થાપિત કર્યું છે.*

*समानि प्रजा सह वो अन्न भाग ।*

*'' કોઈ પણ ભૂખ્યો ન મરે'' આવી વ્યવસ્થા માટે પ્રત્યેક ઘરમાં બલિવૈશ્વદેવયજ્ઞની નિત્યવિધિ કરવાનો આદેશ વેદે આપ્યો છે.*

*समाने योक्त्रे सह वो युनज्मि ।*

*શ્રમનું મહત્વ - નિષ્ક્રિય રહેનાર વ્યક્તિને વેદ દુષ્ટ માનવ સમજે છે, તેથી હંમેશાં કામ કરતા રહેવાનું કહે છે.*

*'' कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः । ''*

*સૌ વર્ષ સુધી કાર્ય કરતાં કરતાં જીવો. પ્રત્યેક અવસ્થામાં કોઈને કોઈ ઉપયોગી કાર્ય કરતા રહેવાનું વેદ કહે છે.*

*मागृध कस्य स्विद्धनम् ।*

*કોઈનું ધન ન લ્યો. કોઈકના પરિશ્રમની વસ્તુની ચોરી ન કરો.*

*'' नस्तेयमद्मि ।'' ચોરીનો માલ ન લ્યો. પુરુષાર્થ કર્યા વિના બીજાની કમાઈ પર રહેવું ચોરીનો માલ ખાવો કહેવાય. તેથી વેદ ઉપર્યુક્ત ઉપદેશ સમાજવાદ સામ્યવાદ સર્વેને પૂર્તિ નિર્દોષ રીતિ થી કરે છે.*

***वेदानां च न कर्तव्या निन्दा श्रव्या न च क्वचित ।। शि. श्लो. २१ ।।***

***વેદ આટલા મહાન હોવાથી ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આદેશ આપ્યો છે કે - વેદની નિંદા કયારેય ન કરવી ન સાંભળવી.***

***આ પ્રમાણે વેદ અને વચનામૃત સુધીની એક જ્ઞાન પરંપરા વહી રહી છે જે આજે પણ તેનું પાન કરી હજારો લોકો આત્મોદ્ધાર કરી રહ્યા છે.***

*(ક્રમશઃ)*

## તા. ૫-૩-૨૦૧૨ થી તા. ૪-૪-૨૦૧૨ સુધી કચ્છમાં કથા પારાયણ કાર્યક્રમો

| | | |
|---|---|---|
| તા. ૧૦-૩-૨૦૧૨ થી તા. ૧૪-૩-૨૦૧૨ | - | હીરાપર |
| તા. ૧૪-૩-૨૦૧૨ થી તા. ૧૮-૩-૨૦૧૨ | - | સરલી (ગંગાજી) રાત્રી સભા |
| તા. ૧૫-૩-૨૦૧૨ થી તા. ૧૯-૩-૨૦૧૨ | - | ભુજ |
| તા. ૧૭-૩-૨૦૧૨ થી તા. ૨૧-૩-૨૦૧૨ | - | માનકુવા |
| તા. ૧૯-૩-૨૦૧૨ થી તા. ૨૫-૩-૨૦૧૨ | - | રામપર (જુ.વા.) |
| તા. ૨૨-૩-૨૦૧૨ થી તા. ૨૬-૩-૨૦૧૨ | - | કેરા |
| તા. ૨૨-૩-૨૦૧૨ થી તા. ૨૬-૩-૨૦૧૨ | - | ભારાસર |
| તા. ૨૭-૩-૨૦૧૨ થી તા. ૩૧-૩-૨૦૧૨ | - | બળદીઆ (ઉ.વા.) |
| તા. ૨૭-૩-૨૦૧૨ થી તા. ૩૧-૩-૨૦૧૨ | - | નારાણપર |
| તા. ૩૧-૩-૨૦૧૨ થી તા. ૬-૪-૨૦૧૨ | - | દયાપર |
| તા. ૩૧-૩-૨૦૧૨ થી તા. ૪-૪-૨૦૧૨ | - | મદનપુર |

- સાં.યો. રસીલાબાઈ બી. પાધરા
(મદનપુર)

# જાત વરણ જોતા નથી સ્વામી સહજાનંદ, નિષ્કુળાનંદ એને ભજે છૂટે ભવના ફંદ

એકવાર શ્રીજી મહારાજ ગઢપુરમાં કોઈક કારણસર રિસાયા હતા. તે એક દિવસ કોઈને ખ્યાલ ન રહે એ રીતે ગઢપુરથી ચાલી નીકળ્યા. તે ગામ લીંબડી જઈને ત્યાંના ભક્ત સગારામ વાઘરી તેના ઘરે જઈ સગરામને કહે સગરામ કોઈ અમારી તપાસ કરવા આવે તો તમે અમે અહીં છીએ એવું કહેશો નહીં. તમે શૂરવીર થઈને રહેજો, કારણ કે જો બ્રહ્માનંદ સ્વામી આવશે તો ભલભલાને પણ ડરાવી નાખે એવા છે. માટે તમે સાવધાન થઈને ચેતીને રહેજો. મહારાજે સગરામ ભક્તને એવી ભલામણ કરી તેના ઘરમાં સંતાઈ ગયા. સગરામના બે ભાઈના ઘરવાળા ઘરમાં બેઠા હતા. મહારાજ તેના જેવા વસ્ત્રો પહેરી બે બાઈઓની વચ્ચે બેસી ગયા.

આ બાજુ સવાર પડી. જીવુબા લાડુબા તપાસ કરી તો મહારાજ ન મળ્યા. અંતરમાં બહુ જ દુઃખ થયું. રડવા લાગ્યા. જીવુબા લાડુબાએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, સ્વામી, મહારાજ વિના તો અમારા પ્રાણ નીકળી જશે. માટે તમે ગમે ત્યાંથી મહારાજને શોધી લાવો. જરૂર મહારાજ રિસાઈ ગયા લાગે છે. મહારાજ અમને પૂછ્યા વગર આ ગઢપુર છોડીને જતા નથી.

જીવુબાના વચન સાંભળી બ્રહ્માનંદ સ્વામી મહારાજને શોધવા નીકળ્યા. શોધતાં-શોધતાં બ્રહ્માનંદ સ્વામી લીંબડી ગામમાં આવ્યા. સગરામના ઘરે આવી સગરામને કહે, હે સગરામ તેં મારા હાથીને તારા ઘરમાં કેમ સંતાડ્યો છે ? બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને હાથીની ઉપમા આપી. બ્રહ્માનંદ સ્વામીના વચન સાંભળી સગરામ તો ડરી ગયા. મનમાં થયું કે જરૂર બ્રહ્માનંદ સ્વામીને ખબર પડી ગઈ છે. જો નથી એમ કહીશ તો બ્રહ્માનંદ સ્વામી મારા ઉપર કુરાજી થશે અને અહીં છે એમ કહીશ તો મહારાજની આજ્ઞા લોપાશે. એટલે સગરામ કહે, સ્વામી તમે તપાસ કરી લો. એટલે બ્રહ્માનંદ સ્વામીએ જોયું તો ઘરમાં ત્રણ બાઈઓ બેઠી હતી. બ્રહ્માનંદ સ્વામીને થયું કે મહારાજ તો જરૂર આ ઘરમાં જ છે પણ આ ત્રણ સ્ત્રીઓમાંથી મહારાજ ક્યા હશે ?વળી વિચાર થયો કે જ્યારે સીતાજીને શોધવા ગયેલા હનુમાનજી લંકામાં જેટલી સ્ત્રીઓ હતી તેને જોતા હતા ત્યારે તેમને કશો બાધ ન થયો તો મને શું બાધ હશે ? સ્વામી મનમાં વિચારે છે પણ મહારાજ તો અંતર્યામી છે. બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ જાણી ગયા તેથી અંદર બાઈઓને કહે ચાલો આપણે તમારા ઘરમાં ચાલ્યા જઈએ.

ત્રણે ઊભી થઈ. સાડીનો ઘૂંઘટો આગળ લાંબો ઓઢી ઘરમાંથી બહાર નીકળી. વચ્ચે મહારાજ બે બાજુ બાઈઓ હતી. પણ ત્રણેના વસ્ત્રો એક સરખા જ હતા. પણ સ્વામીને ખબર પડી ગઈ કે મહારાજ તો જરૂર અહીં જ છે. ગમે તે રીતે મહારાજને અહીંથી શોધી લઈશ. ત્યાં તો મહારાજે એવું ચરિત્ર કર્યું કે ત્રણે ચાલી જતી હતી તેમાં મહારાજ વચ્ચે હતા. તે ત્રણેના હાથમાં વેલણ હતા. બે બાઈઓના હાથમાં વેલણ હતા તે છેડામાં સંતાડીને ચાલી જતી હતી અને મહારાજે ચરિત્ર કરવા માટે છેડામાંથી વેલણને બહાર દેખાય એમ બહાર કાઢ્યું અને લટકાં કરવા લાગ્યું. તે વેલણ બ્રહ્માનંદ સ્વામીને શાન કરી કહેવા લાગ્યું કે સ્વામી તમે રહી ગયા હું તો જાઉં છું મહારાજની સાથે. આ જોઈ સ્વામી સમજી ગયા કે જરૂર આ મહારાજ હોવા જોઈએ. પરંતુ ઘુંઘટો વાળેલો છે. કદાચ એ મહારાજ નહીં અને બીજી સ્ત્રી નીકળે તો ? મનમાં વિચાર થયો. જો બીજી સ્ત્રી હશે તો પોતે ઘુંઘટો ઊંચો કરશે અને મહારાજ હશે તો હું ઓળખી જઈશ. એમ

વિચારી બ્રહ્માનંદ સ્વામી તેમની પાસે જઈ બાજુમાં ઊભેલી બન્ને બાઈઓને એકબાજુ કરી મહારાજને બાથ ભરાવી જ લીધી. મહારાજે હાસ્ય કરવા નવીન ચરિત્ર કર્યું. બાજુમાં ઊભેલી બાઈઓને કહે, મને છોડાવો, મને છોડાવો. પણ બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને છોડ્યા નહીં અને કહ્યું ઘુંઘટો ખોલશો ત્યારે જ તમને છોડીશ. મહારાજ તો બહુ હસવા લાગ્યા. ઘુંઘટો ખોલી નાખ્યો અને મહારાજ પ્રેમથી બ્રહ્માનંદ સ્વામીને ભેટી પડ્યા.

મહારાજનું રિસામણું ઉતરી ગયું. બ્રહ્માનંદ સ્વામી મહારાજને તેડી ગઢપુર આવ્યા. બધા સંતોને બોલાવી કહ્યું, તમે સૌ પોત પોતાના વાજિંત્ર, સિતાર લઈ આવો. આજે મહારાજે જે ચરિત્ર કર્યું છે એ ચરિત્ર સંભળાવવાની મારે ઘણી હોંશ થાય છે. સૌ સંતો સાધન લઈ લીલુડા લીંબડા નીચે મહારાજ વિરાજમાન છે. સામે સંતો બેસી વાજિંત્ર વગાડે છે. બ્રહ્માનંદ સ્વામીના અંતરમાં આનંદ નથી સમાતો. તાન લગાવી બ્રહ્માનંદ સ્વામી ચરિત્રનું વર્ણન કીર્તન જોડીને વર્ણન કરવા લાગ્યા...

''વાતલડી રહોને રાતલડી વાલા, પૂછું એક વાતલડી''

કીર્તન સાંભળી સૌ સંતો ભક્તો આનંદિત થઈ ગયા. બ્રહ્માનંદ સ્વામીને કહેવા લાગ્યા કે હે સ્વામી, તમે તો વર્ણન કર્યું એમાં અમને આનંદ નથી સમાતો એટલો આનંદ થાય છે પણ તમે તો નજરે નિહાળ્યું એ આનંદ કેવી રીતે વર્ણવી શકાય. ધન્ય છે સ્વામી તમને.

ભક્તજનો આ લીલા ચરિત્ર સાંભળશો તો આપને પણ ચોક્કસ અનેરો આનંદ આવશે, એવી આશા સહ જય શ્રી સ્વામિનારાયણ.

# સુંદરજીભાઈનો પ્રશ્ન અને મહારાજના જવાબ

- રસિકભાઈ ગોળવિયા (વેળાવદર હાલે સુરત)

એક સમયે સત્સંગની ગુરુકુળ સમાન પવિત્ર ભૂમિ ભુજનગરમાં શ્રીજી મહારાજ બીરાજતા હતા અને સભામાં શ્રીજી મહારાજ સન્મુખ સુંદરજીભાઈ, હીરજીભાઈ, ગંગારામ મલ્લ આદિક ભક્તો બેઠા હતા ત્યારે સુંદરજીએ શ્રીજી મહારાજને હાથ જોડી પ્રાર્થના કરતાં પૂછ્યું કે, હે મહારાજ ! સતયુગ, ત્રેતાયુગ અને દ્વાપર યુગ આમ ત્રણેય યુગના વિશે ભગવાન પોતાના ભક્તની રક્ષાને અર્થે સુદર્શનચક્ર મોકલીને તે ભક્તોની રક્ષા કરતા હતા. તો આ કળિયુગ વિશે સુદર્શન ચક્ર મોકલીને કેમ રક્ષા કરતા નથી ? આ કળિયુગમાં ભગવાનને ભક્ત વહાલા નથી ? દવલા છે. આ કળિયુગમાં ભક્ત ભજન-ભક્તિ કરે છે તેથી તેની રક્ષા ભગવાને વધારે કરવી જોઈએ તે કેમ કરતા નથી ?

ત્યારે આ પ્રશ્નોનો જવાબ આપતા કહ્યું કે, હે સુંદરજીભાઈ અને ભક્તો આ કળિયુગમાં ભગવાનના સ્વરૂપનું જ્ઞાન એ જ સુદર્શનચક્રની ગરજ સારે છે. તે જ સુદર્શન ચક્ર છે. જેમ સુદર્શન ચક્રને વિશે ૧૦ હજાર સૂર્યનો પ્રકાશ છે તેટલો જ પ્રકાશ જ્ઞાનના વિશે છે. જે જીવના હૃદયમાં અજ્ઞાનરૂપી અંધારું છે તેને ચંદ્રમા, સૂર્ય તેમજ પ્રલયકાળનું મહાતેજ વગેરે તે અંધકારને ટાળવા સમર્થ નથી પણ તે અંધકાર અજ્ઞાનને-જ્ઞાનરૂપી સુદર્શનચક્ર નાશ કરે છે માટે પૂર્વે સતયુગ, દ્વાપર, ત્રેતાયુગમાં સુદર્શન ચક્ર રક્ષા કરતું હતું તેવી જ રીતે અત્યારે જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર ભક્તોની રક્ષા કરે છે.

ત્યારે સુંદરજીભાઈએ મહારાજને ફરી પ્રશ્ન પૂછ્યો કે, હે મહારાજ ! તે કઈ રીતે રક્ષા કરે છે તે કૃપા કરીને કહો. ત્યારે શ્રીહરિ બોલ્યા હે ભક્તજનો જ્યારે ભગવાના ભક્તોના હૃદયમાં કામ, ક્રોધાદિકના ઘાટ થાય છે ત્યારે ભક્તને તેનો વિચાર રહે છે કે મને ભગવાન મળ્યા છે તે હું એવા મોટા લાભને મુકીને ભગવાનના વચન લોપીને કુમાર્ગે કેમ ચાલું ? જ્યારેઆવો વિચાર-જ્ઞાન થાય છે ત્યારે ઘાટ માત્ર ટળી

જાય છે એટલે ભક્તોની કામ, ક્રોધાદિક અંતઃશત્રુ થકી રક્ષા જ્ઞાનરૂપ સુદર્શન ચક્ર કરે છે.

અને સતયુગમાં ભગવાને સુદર્શન ચક્રથી અંબરીશ રાજાની રક્ષા કરી હતી તેમ અત્યારે જ્ઞાનરૂપી સુદર્શનચક્રથી રક્ષા કરે છે, થાય છે અને ત્યારે જ હળાહળ કળિયુગમાં ભક્તો વર્તમાન પાળી શકે છે નહીંતર ભગવાનનું ભજન થઈ શકે નહીં કારણ કામ, ક્રોધાદિક અંતઃશત્રુ એવા જબરા અને બળવાન છે જેણે પૂર્વે બ્રહ્માદિકને ભૂલાવ્યા હતા. તો આ કળિયુગમાં ભક્તોનો શો ભાર ? માટે કળિયુગમાં ભગવાન પોતાના ભક્તની જ્ઞાનરૂપ સુદર્શનચક્રથી સર્વ સમય રક્ષા કરે છે, કરતા આવ્યા છે અને કરશે. માટે પ્રગટ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય (ભગવાનનું યથાજ્ઞાન જેમ છે તેમ) તે જ સુદર્શન ચક્ર છે. આમ જ્ઞાન એ સુદર્શન ચક્ર છે તેવી રીતની ઘણી જ વાતો સભામાં શ્રીજી મહારાજે કરી. જે સર્વે હરિભક્તો સાંભળીને રાજી થયા અને શ્રીજી મહારાજના વિશે પ્રગટ પુરુષોત્તમ નારાયણપણાનો નિશ્ચય દૃઢ કર્યો.

# કુશળ કુંવરબાઈ

- સંગીતાબેન નાકરાણી (સુરત)

વલસાડથી થોડે દૂર ધર્મપુર નામે ગામ છે. પહેલાં એની જાહોજહાલી વખણાતી. શ્રીહરિના વખતે ત્યાં કુશળ કુંવરબા નામે વિધવા રાણી રાજ્ય ચલાવતા. એમને એક યુવાન પુત્ર હતો. પોતે ખૂબ આસ્તિક હતા. કોઈપણ સાધુ-સંત આવે તેમને રાજ્ય તરફથી સીધા સત્કાર આપીને રાખતા.

સદ્‌ભાગ્યે શ્રીહરિના સંત પરમ ચૈતન્યાનંદ સ્વામીનો સમાગમ થયો. સ્વામી ગઢપુરથી છુટા પડીને આવેલા હતા. એટલે ધર્મપુરમાં જ રોકાઈને રાણીને મહારાજની લીલા ઐશ્વર્ય-પરચાની એવી એવી વાતો સંભળાવી, દૃઢ નિશ્ચય કરાવ્યો કુશળ કુંવરબાઈ પણ સ્વામીને ગુરુ માનીને અહર્નિશ તેમની સેવા કરતા. હાથી પર બેસાડીને ગામ બહાર હનુમાનજીના દર્શને જતાં વગેરે રીતે ખૂબ સત્કાર સેવા કરતા.

એક વખત મહારાજે પરમ ચૈતન્યા નંદ સ્વામીને બોલાવવા મુક્તાનંદ સ્વામીને ધર્મપુર મોકલ્યા પછી કુશળ કુંવરબાઈએ કહ્યું કે અમારા ગુરુને લઈ જવા નહીં દઉં પણ મહારાજને અહીં લાવો તો જ રજા આપું. પછી મુક્તાનંદ સ્વામી એ હા પાડી. પછી કુશળ કુંવરબાઈએ વિનંતીભર્યો એક પત્ર મહારાજ પર લખી આપ્યો.

બન્ને સંત ગઢપુર આવ્યા. પછી તો વખતો વખત ધર્મપુરથી વિનંતીભર્યા પત્રો આવતા. વારે વારે કંઈ કંઈ નવીન ભેટો બાઈ મહારાજ પાસે મોકલતા. એમની ભાવના જોઈને મહારાજ પાંચસો પરમહંસો સાથે ધર્મપુર પધાર્યા ને ત્યાં વસંતપંચમીનો મોટો સમૈયો કરીને બાઈને તથા નગરવાસીઓને અનેક રીતે દિવ્ય સુખ આપ્યું.

બાઈ સંતો, મહારાજને રાજ્યપાટ સોંપી દીધું. મહારાજ કહે, અમે રાજ્ય કરવા નથી આવ્યા. તમે રાજ્ય કરો અને અંતરમાં અમારું સ્મરણ રાખજો. પછી બાઈ કહે હવે તમને મુકીને બીજી બલા કોણ રાખશે ! પછી મહારાજના એવી રીતે દર્શન કર્યા કે તરત જ મૂર્તિ અંતરમાં ઉતરી ગઈ. શ્રીજી મહારાજે કુશળ કુંવરબાઈની દર્શન કરવાની રીત વચનામૃતમાં વખાણી છે. સારંગપુરનું બીજું, લોયાના ત્રીજામાં પણ બાઈની પ્રશંસા કરી છે.

મહારાજ થોડા દિવસો ધર્મપુર રોકાઈ એમના મનોરથો પુરા કરી ગઢપુર પધાર્યા. મહારાજના ગયા પછી રાજ્ય કારભાર પુત્રને સોંપીને પોતે અન્નજળનો ત્યાગ કરી ધ્યાનમાં બેસી ગયા. તે પંદર દિવસે આ ભૌતિક શરીરનો ત્યાગ કરીને મહારાજની પાસે ધામમાં પહોંચી ગયા. મોટા સંતો કહે છે કે પૂર્વ જન્મમાં અડાલજની વાવ બંધાવનાર રૂડબાઈ એ જ આ કુશળ કુંવરબાઈ હતા. જય શ્રી સ્વામિનારાયણ.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## અ.નિ. સ.ગુ. સ્વામી નિર્ગુણસ્વરૂપદાસજીની પુણ્યસ્મૃતિમાં

### :: જ્ઞાનયજ્ઞ સ્મૃતિ મહોત્સવ ::

વીસ વર્ષની ઉંમરે વૈરાગ્યને પામી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની દીક્ષા લઈ ભુજ મંદિરમાં રહી મંદિરની તથા સત્સંગની ૫૮ વર્ષ સુધી સેવા કરનાર, હરિભક્તોને પ્રેરણા કરી ભગવાનને થાળ તથા દૂધ ધરાવવા સુવર્ણના પાત્રો સહિત વિવિધ સેવા કરાવનાર, દેહશુધ્ધિ તેમજ ક્રિયા શુધ્ધિ સાથે પવિત્રતાનો આગ્રહ રાખનાર, સંત અને સત્સંગની મરજી જાણીને વર્તનાર, ગાયમાતાની સેવા માટે પ્રબળ લાગણી રાખી દાતાઓને મંદિરની ગૌશાળા, અન્ય પાંજરાપોળો અને ઢોરવાડાઓની ગાયો માટે દાન આપવા દાતાઓને પ્રેરનાર, કથાવાર્તા, દયા, સંપ અને મળતાવડાપણું એ જેમનાં અંગ હતા એવા અ.નિ.સ.ગુ. સ્વામી નિર્ગુણસ્વરૂપદાસજીની પુણ્યસ્મૃતિમાં વૈરાગ્યમૂર્તિ સ.ગુ. સ્વામી નિષ્કુળાનંદમુનિ રચિત 'નિષ્કુળાનંદ કાવ્ય' નો પંચાહ્ન પારાયણ મહોત્સવ શ્રીજી મહારાજની અસીમ કૃપાથી પ.પૂ. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા અને આશીર્વાદ સાથે ભુજ મંદિરમાં ધામધુમ સાથે ભારે ઉમંગથી ભવ્ય રીતે તા. ૧૯-૨-૧૨, રવિવારથી તા. ૨૩-૨-૨૦૧૨, ગુરુવાર સુધી પાંચ દિવસ ઉજવવામાં આવ્યો.

અત્યંત સુશોભિત મંદિર પરિસરમાં વિશાળ તેમજ ભવ્ય સભામંડપમાં તા. ૧૯ થી તા. ૨૩-૨-૨૦૧૨ સુધી વ્યાસપીઠ પર બિરાજમાન શ્રીજી મહારાજને સમર્પિત એવા અતિ વિદ્વાન સંતો શા. સ્વામી ગોલોકવિહારીદાસજી તેમજ પુ. સ્વામી પરમહંસદાસજીએ સુંદર, સરળ અને સુમધુર શૈલીમાં સચોટ ઉદાહરણો અને આધ્યાત્મિક સમજ સાથે કથામૃતનું પાન કરાવી શ્રોતા હરિભક્તોને મંત્રમુગ્ધ અને પ્રસન્ન કર્યા હતા. કથારસનું પાન કરી શ્રોતા હરિભક્તો તૃપ્ત થયા હતા. કર્ણપ્રિય સંગીત સૂરાવલિ સાથે સંગીતકાર સંતો સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી શ્રીજીનંદનદાસજી અને સ્વામી નીલકંઠસ્વરૂપદાસજીએ સાથ આપી વાતાવરણ ભક્તિમય અને પ્રફુલ્લિત બનાવેલ. દરરોજ રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ સુધી સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભક્તિસંગીત, સંતોની અંતાક્ષરી, શ્રી સહજાનંદ ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા ભક્તિમય સાંસ્કૃતિક કાર્યક્રમ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-માંડવી દ્વારા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ દિવ્ય રાસોત્સવ યોજવામાં આવેલ. જેમાં હરિભક્તો અને સંતો જોડાયા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમો સૌનું આકર્ષણ બન્યા હતા.

તા. ૧૯-૨-૨૦૧૨ ના વહેલી સવારે પોથીયાત્રામાં હરિભક્ત ભાઈ-બહેનો ભાવ સાથે જોડાયા હતા. પોથીયાત્રા બાદ કથાનો પ્રારંભ થયો હતો.

તા. ૨૨-૩-૨૦૧૨ ના પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન થતાં સૌ હરિભક્તોના હૈયાં હર્ષવિભોર બની ગયાં

હતાં. બપોરે નીકળેલી શોભાયાત્રામાં આચાર્ય મહારાજશ્રી અને ઠાકોરજી તેમજ સંતવૃંદના દર્શન કરી સૌ ધન્ય ધન્ય બની ગયા હતા. ભુજ ગામ ગામના તેમજ પટેલ ચોવીસીના હરિભક્તો સુંદર, નવાં અને આકર્ષક વસ્ત્રો પહેરી શોભાયાત્રામાં હર્ષભેર જોડાયા હતા. ભજન મંડળીઓ અને કીર્તન મંડળીઓએ વાતાવરણને સંગીતમય બનાવી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ગુણગાન ગાયા હતા. ભુજ નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થતી આ દિવ્ય શોભાયાત્રા દ્વારા થતા શ્રીજી મહારાજના જયઘોષ અને મહામંત્રની ધુનથી સર્વત્ર આનંદ-આનંદ વ્યાપી ગયો હતો.

તા. ૨૩-૨-૨૦૧૨ ના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પ.પૂ. મહંતસ્વામી તેમજ અન્ય સંતો દ્વારા ઠાકોરજીનો મહાઅભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેકના તેમજ આરતીનાં દર્શન કરી આવો લ્હાવો મળ્યા બદલ હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી.

સભા સંચાલનનો દોર પોતાની લાક્ષણિક અને આગવી શૈલીમાં શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા પુ. સ્વામી ભક્તિપ્રિયદાસજીએ સંભાળ્યો હતો. જ્યારે પારાયણના સાફલ્ય માટે સ્વામી ધર્મસ્વરૂપદાસજી આદિ સંતોએ જહેમત ઉઠાવી હતી.

કથા પારાયણ દરમ્યાન યજમાનશ્રીઓ તેમજ હરિભક્તોને આચાર્યશ્રી, મહંત સ્વામી તેમજ અન્ય સંતોના વરદ હસ્તે પહેરામણી અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કથા પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૨૩-૨-૨૦૧૨ ના સમગ્ર કચ્છના સત્સંગીઓને મહાપ્રસાદ લેવા માટે સઘરી આમંત્રણ પાઠવવામાં આવેલ. મહાપ્રસાદ લઈ હરિભક્તો તૃપ્ત થયા હતા અને ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ કથા પારાયણનો લાભ લીધો હતો. અતિ ધામધૂમથી ઉત્સાહપૂર્વક ઉજવાયેલો આ સ્મૃતિ મહોત્સવ ચિરસ્મરણીય રહેશે.

અ.નિ. સ.ગુ. સ્વામીએ ભાગવતી દીક્ષા લીધી ત્યારથી ભવ્ય સ્મૃતિ મહોત્સવ સુધીના માઈલસ્ટોન્સ (સીમા ચિહ્ન) પણ ભવ્ય અને અહોભાવ જન્માવનાર છે.

 ભાગવતી દીક્ષા : સં. ૨૦૧૦ આસો સુદ ૭, નવરાત્રિની સાતમ, ભગવતી સરસ્વતી દેવીનું આવાહન, સરસ્વતી પૂજન ઉત્સવનો પ્રારંભનો પવિત્ર દિવસ.

 ભુજ મંદિરની સેવામાં જોડાયા : સં. ૨૦૧૦, આસો સુદ ૧૫, શરદપૂર્ણિમા રાસોત્સવના ઉત્સવનો પવિત્ર દિવસ.

 અક્ષરવાસ : સં. ૨૦૬૭, વૈશાખ સુદ ૩, અક્ષરતૃતીયા, ભગવાન પરશુરામ જયંતી, ભુજ શ્રી નરનારાયણના વાર્ષિક પાટોત્સવ કથા પારાયણના પ્રારંભનો પવિત્ર દિવસ.

 શ્રધ્ધાંજલિ સભા : સં. ૨૦૬૭, વૈશાખ સુદ ૫, શ્રી નરનારાયણદેવ વાર્ષિક પાટોત્સવ અને પાટોત્સવ કથા સમાપ્તિનો પવિત્ર દિવસ.

 સ્મૃતિ મહોત્સવ પ્રારંભ : સં. ૨૦૬૮, મહા વદ ૧૩, ભાગવત એકાદશી વ્રત અને મહાશિવરાત્રી બન્નેની વચ્ચેનો પવિત્ર દિવસ, મોજીલી વસંતઋતુ પ્રારંભનો દિવસ.

 સ્મૃતિ મહોત્સવ સમાપ્તિ : સં. ૨૦૬૮, ફાગણ સુદ ૨, ભુજ શ્રી હરિકૃષ્ણ મહારાજનો વાર્ષિક પાટોત્સવનો દિવ્ય દર્શન કરાવતો પવિત્ર દિવસ.

કેવો અચરજકારી જોગાનુજોગ યોગ !

પ.પૂ. મહંતસ્વામી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી આદિ વરિષ્ઠ સંતોના આશીર્વાદ તથા ઉદાર યજમાન દાતાશ્રીઓ, ઉત્સાહી સંતો હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવના સેવાભાવી યુવાનોના ભાવભીના સહકાર સાથે સ્મૃતિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવી અ.નિ. સ્વામીશ્રીનો લાગણીસભર અંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## :: પંચાહ્ન પારાયણ ::

ગામ દહીંસરા (હાલે લંડન) નિવાસી પ.હ. વાલજીભાઈ માવજી પિંડોરીયાના યજમાનપદે ભુજ શ્રી સ્વામિનારાયણ ભાઈઓના અને બાઈઓના બન્ને મંદિરમાં પંચાહ્ન કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું.

કથાના વક્તા શા. સ્વામી દેવવિહારી દાસજીએ તા. ૧-૨-૨૦૧૨, બુધવારથી તા. ૫-૨-૨૦૧૨, પાંચ દિવસ દરમ્યાન સ.ગુ. સ્વામી નિત્યાનંદમુનિએ રચેલ 'સત્સંગીજીવન' શાસ્ત્રની કથાનું રસપાન કરાવ્યું. શ્રીજી મહારાજે સત્સંગ સમાજમાં હરિભક્તોને બોધ આપવા કરેલ પ્રવાસમાં કરેલ લીલાઓ, હરિભક્તો પ્રત્યેની લાગણી, હરિભક્તોએ કરેલ શ્રીહરિના સામૈયાં વગેરે પ્રસંગોનું રસમય વર્ણન કરી સૌને રાજી કર્યા.

તા. ૫-૨-૨૦૧૨ના કથા સમાપ્તિ પ્રસંગે સ.ગુ. સ્વામી જગતપાવનદાસજીએ યજમાન પરિવારનો પરિચય આપી કથા પ્રસંગનું માહાત્મ્ય સમજાવ્યું. 'યથા રાજા તથા પ્રજા' સૂત્રનો માર્મિક ભાવ સમજાવી વર્ણાશ્રમ ધર્મપાલન કરવા પર ભાર મૂકી જણાવ્યું કે વર્ણાશ્રમ ધર્મ સમાજને મર્યાદાના બંધનથી સ્થિર રાખે છે.

ત્યારપછી સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી તથા ફૂલવાળા સ્વામી ધર્મપ્રકાશદાસજીને હસ્તે યજમાન પરિવારને ફૂલહાર સાથે પહેરામણી ભેટ આપી સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે યજમાનશ્રી તરફથી સંબંધીજનોને પહેરામણી ભેટ આપવામાં આવી.

મંદિરના શાસ્ત્રી મહારાજે યજમાન દ્વારા ઉત્તરપૂજન, વ્યાસપૂજન તથા આરતી કરાવી તે પછી ધૂન અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

## :: પંચાહ્ન પારાયણ ::

તા. ૬-૨-૧૨, સોમવાર થી તા. ૧૦-૨-૧૨, શુક્રવાર સુધી પંચાહ્ન કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું. કથાનું યજમાનપદ ગામ મદનપુર (હાલે લંડન) નિવાસી કર્મયોગી પ્રેમબાઈ લાલજી વેકરીયા હ. કરસનભાઈ લાલજી હરજી વરસાણીએ શોભાવી શ્રીજી મહારાજને પ્રસન્ન કરી સંતોનો રાજીપો મેળવ્યો. કથાકાર શા.સ્વામી દેવવિહારીદાસજીએ વ્યાસપીઠ પર બિરાજી પાંચ દિવસ દરમ્યાન 'સત્સંગીજીવન' શાસ્ત્રનીકથાનું સરળ રસપ્રદ શૈલીમાં કથારસનું અમૃતપાન કરાવ્યું. પુ. સ્વામી શ્રીરંગદાસજીએ પણ કથાકાર સ્વામીની અવેજીમાં કથાશ્રવણ કરાવી વિષય વસ્તુ સમજાવી યોગ્ય ન્યાય આપ્યો.

કથા સમાપ્તિ પ્રસંગે સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજીના ઉદ્‌બોધન પછી કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ કથાની વિગતો ચર્ચી યજમાનશ્રીનો પરિચય આપયો.

પ.પૂ. સ.ગુ. મહંતસ્વામી ધર્મનંદન દાસજીએ યજમાનશ્રીનું શાલ ઓઢાડી સન્માન કર્યું તે પછી મંદિરના શાસ્ત્રીજી મહેશભાઈએ યજમાનશ્રી દ્વારા સમાપ્તિ પૂજન, વ્યાસપૂજન, આરતી આદિક વિધિ સંપન્ન કરાવી. ત્યારપછી ધુન અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

## :: ચમક ઝમક ::

- મહા સુદ ૫, તા. ૨૮-૧-૨૦૧૨, બુધવારે શિક્ષાપત્રી જયંતીનો ઉત્સવ ઉજવવામાં આવ્યો. શિક્ષાપત્રીના સમૂહપૂજનનો કાર્યક્રમ હૃદયની ઊર્મિઓને જગાડી ભક્તિભાવને છલકાવી ગયો. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી હરિભક્તોએ પૂજનવિધિનો લાભ લીધો.
- કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળે યુવા સત્સંગ સંમેલનનું આયોજન ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ ત્રણ માસ દરમ્યાન કર્યું. કચ્છના જુદા-જુદા વિભાગ પાડી દરેક વિભાગમાં એક દિવસનું સંમેલન નક્કી કરેલ સ્થળે રાખવામાં આવ્યું. ભુજ વિભાગના ઝોન નં. ૧ ના ગામોનું યુવા સંમેલન ફાગણ સુદ ૧૫, તા. ૮-૩-૨૦૧૨, બુધવારે ફકીરવાડી મુકામે રાખવામાં આવેલ છે.

- અહેવાલ : ઓ. વ્યાસ

# સત્સંગ સમાચાર

## યુવા શિબિરો - સત્સંગના રંગે રંગાયું કચ્છ

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય પ.પૂ. મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ફેબ્રુઆરી-૨૦૧૨ દરમ્યાન વિવિધ કથા પારાયણ જ્ઞાનયજ્ઞો અને કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળો દ્વારા યોજાયેલ શિબિરોના કારણે કચ્છ સત્સંગના ઈતિહાસમાં આ માસ એક યાદગાર માસ બન્યું છે.

ફોટડી :- ફોટડી મુકામે મહાવદ-૧, તા. ૮-૨-૨૦૧૨ ના રોજ ફોટડી, માનકુવા, ભક્તિનગર, ભારાસર, સામત્રા, સુખપર રોહા આદિ ગામોના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોનું એક દિવસીય પ્રાંતીય યુવા સત્સંગ સંમેલન યોજવામાં આવેલ. દીપ પ્રાગટ્યથી મંગલ પ્રારંભ થયા બાદ પ્રાર્થના-સ્તુતિ દ્વારા વંદના કર્યા બાદ શિબિરમાં ઉપસ્થિત યુવકો, સંતો અને મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત સભાપતિ પુ. સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું. શિબિરાર્થીઓને આશીર્વાદ પાઠવતાં સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીએ જીવન ઘડતરના પાયામાં સત્સંગના સંસ્કારો સિંચી ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ અંગે બોધ આપી આવા સત્સંગ શિબિરનો વધુને વધુ યુવાનો લાભ લે અને જીવનને સંસ્કારી બનાવે એ વાત ભારપૂર્વક જણાવી હતી. ત્યારબાદ ક્રમશઃ ડો. સ્વામી સત્યપ્રસાદ દાસજી, પુ. સ્વામી મુનિવલ્લભદાસજી, પ.ભ. શ્રી રવિભાઈ પેથાણી, શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી આદિએ પ્રાસંગિક પ્રવચનો દ્વારા પોતાનાં મંતવ્યો દ્વારા યુવકોને મહત્ત્વની શીખ પૂરી પાડી હતી. સ.ગુ.પુ. સ્વામી શ્રીહરિદાસજીના મંગલમય આશીર્વચનો દ્વારા શિબિરને વિરામ આપવામાં આવેલ. બપોરે ભક્તોએ પોતાના ઘેરથી લાવેલા થાળ ઠાકોરજીને ભાવપૂર્વક ધરાવીને થાળ બોલીને મહાપ્રસાદ લીધો હતો. બપોરનો કાર્યક્રમ ખૂબ જ રસપ્રદ રહ્યો હતો. યુવાનો સમક્ષ એવી પ્રશ્નાવલિ પ્રસ્તુત કરવામાં આવી કે જેથી જ્ઞાન ચકાસણીની સાથે બૌધિક ક્ષમતાની પણ કસોટી થઈ જાય. યુવાનોએ ઉત્સાહપૂર્વક પ્રશ્નોના જવાબ લખ્યા હતા અને જ્ઞાનવર્ધક લેખિત અભિવ્યક્તિ કરી હતી. બપોર પછી કીર્તનભક્તિના કાર્યક્રમથી સમગ્ર વાતાવરણ આહ્લાદક ભક્તિમય બન્યું હતું. શા. સ્વામી ગોલોકવિહારીદાસજીએ ધુન-કીર્તનની રમઝટ બોલાવી હતી. શ્રી સ્વામિનારાયણ ભગવાનના બુલંદ જયઘોષ સાથે સાંજે સંમેલનની સમાપ્તિ થઈ હતી.

ઉમૈયા :- તા. ૧૩-૨-૧૨, મહાવદ-૬, સોમવારે વાગડ વિસ્તારના યુવાનો માટે ઉમૈયા મધ્યે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યુવા શિબિરમાં સમગ્ર રાપર, સેલારી, કલ્યાણપર, પલાંસવા વગેરે ગામોના યુવાનો જોડાયા હતા. સંસ્કાર, શક્તિ અને ભક્તિને દૃઢ કરતા આ શિબિરમાં સ.ગુ. સ્વામી પૂ. બાલકૃષ્ણ દાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા અને યુવાનોને નવું જોમ પૂરું પાડ્યું હતું.

નેત્રા :- યુવાશક્તિનો પરિચય કરાવતાં તા. ૧૬-૨-૧૨, મહા વદ-૯ ના રોજ ગુપ્તેશ્વર મહાદેવના સાંનિધ્યમાં નેત્રા મધ્યે પણ યુવા શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં નેત્રા, રવાપર, ઘડાણી, આમારા, દોલતપર, દયાપર આદિ ગામના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ ઉત્સાહભેર ભાગ લઈ સત્સંગના રંગમાં રંગાઈ સંતસમાગમ કર્યો હતો.

રામપર :- તા. ૧૭-૨-૧૨, મહાવદ-૧૧,

એકાદશીના પાવનકારી દિવસે શ્રીજી મહારાજને અતિપ્રિય એવા પ્રસાદીના સ્થળ રામપર ગંગાજી મધ્યે પણ યુવા શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગોડપર, દહીંસરા, સરલી, રામપર નવોવાસ તથા રામપર જૂનોવાસ, વેકરા, વાડાસર વગેરે ગામના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ હોંશભેર ભાગ લીધો હતો. આરતી બાદ સંતોએ પ્રેરણાદાયી પ્રવચન દ્વારા માર્ગદર્શન આપતાં સત્સંગની દૃઢતા અને પ્રગતિ વચ્ચે આવતા અવરોધો અને સત્સંગમાં આગળ વધતાં અટકાવતા પરિબળો સામે દૃઢતા અને મક્કમતાપૂર્વક કેમ સામનો કરવો એ વિષેની સમજ આપી હતી. તેમજ યુવાનો વિચારપૂર્વક આગળ વધે અને પોતાના પરિવાર સાથે સુખી સંપન્ન રહે એવી ભલામણો કરી યુવાનોને સન્માર્ગે દોર્યા હતા.

કોડકી, ઉમૈયા, નેત્રા, રામપર ગંગાજીએ તમામ સંમેલનોને સફળ બનાવવા આ દરેક ગામના કાર્યકર્તા યુવાનોએ સંતો સાથે રહીને મહેનત કરી હતી. આયોજનમાં પ.પૂ. પરમહંસદાસજી સ્વામી, પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી, શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી આદિ સંતો તથા યુવનો સહભાગી થયા હતા.

## શ્રી સ્વામિ. વિશ્રાંતિ ભુવન વિલેપાર્લે : ૧૩ મો વાર્ષિક પાટોત્સવ

આપણા વિશ્રાંતિ ભુવનનો તેરમો વાર્ષિક પાટોત્સવ તા. ૩,૪,૫ ફેબ્રુઆરીના ખૂબ જ ધામધૂમથી ઉજવાયો. જે નિમિત્તે નિષ્કુળાનંદસ્વામી રચિત ધીરજાખ્યાન ગ્રંથની ત્રિદિનાત્મક પારાયણ શ્રીમતિ લક્ષ્મીબેન પોપટલાલ પૂંજાભાઈ નીસર પરિવારના યજમાનપદ હેઠળ યોજાઈ. મહોત્સવની શુભ શરુઆત તા. ૩-૨-૨૦૧૨ ના બપોરે પ.ભ. શ્રી લાલજીભાઈ કાનજીભાઈ નીસરના ઘરે પૂ. મહંતસ્વામી આદિ વડીલ સંતોની ઉપસ્થિતિમાં પોથી પૂજન સાથે થઈ. શેરવાની અને ગુલાબી સાફામાં સજ્જ થયેલા ભક્તો ત્રણ-ત્રણ શણગારેલા રથો સાથે બહેનોના મસ્તક ઉપર પૂજન કરાયેલી પોથીઓને પધરાવીને મુંબઈના પેરિસ વિલેપાર્લેના વિશાળ માર્ગો પર વાજતે-ગાજતે અદ્વિતીય પોથીયાત્રામાં જોડાયા હતા. સંગીતના સૂરો, બેન્ડ-બાજાની ધુનો, બહેનોના મુખેથી ગવાતા કીર્તનો, સંતો સાથે સ્વામિનારાયણ મહામંત્રની ધુન કરતા ભક્તો નૃત્ય કરતા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો વડે વિલેપાર્લેના માર્ગોમાં રહેલી જનમેદનીને ભગવાન સ્વામિનારાયણના સામર્થ્યનો અને દિવ્યતાનો પરિચય કરાવતા પોથીયાત્રાને સભામંડપમાં લાવ્યા. સ.ગુ. સ્વામી શાંતિપ્રિયદાસજી તથા સ્વામી સત્યજીવન દાસજી દ્વારા પારાયણનું સ્થાપન પૂજન કરાવાયું.

પ્રથમ દિવસનું પ્રથમ સત્ર પુ. સ્વામી ભક્તિવિહારીદાસજીના વક્તાપદે પ્રહલાદજીના આખ્યાન સાથે સાંભળવાનો ભક્તજનોને લ્હાવો મળ્યો અને દ્વિતીય સત્રમાં પુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ ધ્રુવ આખ્યાન અને હરિશ્ચન્દ્ર રાજાની સત્યનિષ્ઠાના આખ્યાનો કહીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા.

દ્વિતીય દિવસના પ્રથમ સત્રમાં પુ. સ્વામી ભક્તિવિહારીદાસજીએ રંતિદેવ રાજા તથા મયુરધ્વજ રાજાના હૃદયદ્રાવક આખ્યાનો દ્વારા શ્રોતાઓના હૃદયને વીંધી નાખ્યા. દ્વિતીય સત્રમાં પુ. સ્વામી પરમહંસદાસજીએ મનને ઢંઢોળતાં સુધન્વા અને અંબિરષ રાજાના આખ્યાનો કહી સૌ ભક્તોને ધીરજ સાથે આ સંસારમાં રહી ધર્મનિષ્ઠ અને સત્યનિષ્ઠ જીવન જીવવાની ભલામણ કરી હતી.

તા. ૫-૨-૨૦૧૧ દિવસ તો ઉત્સવનો અર્ક દિવસ હતો. મુંબઈમાં વહેલી સવારે છ વાગ્યે પંદરસોથી બે હજારની સંખ્યામાં ભક્તોએ પધારીને સ્વામિનારાયણ મહામંત્રની અવિરત ધુન કરી હતી. ૭:૩૦ વાગ્યે પૂ. મહંતસ્વામી, સ.ગુ.પુ. સ્વામી

કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજી, સ.ગુ. પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતો તથા યજમાનશ્રી પોપટભાઈ પુંજાભાઈ નીસર, પ.ભ. લાલજીભાઈ ખીરાભાઈ ખુથીયા, ઘનશ્યામભાઈ પુંજાભાઈ નીસર, તલકશીભાઈ નીસર, કીર્તિભાઈ નીસર, જમાઈ દિનેશભાઈ ખુથીયા, તથા વિનોદભાઈ ખુથીયા, ધીરુભાઈ ખુથીયા આદિ ભક્તોએ સ.ગુ.પુ. કેશવપ્રસાદદાસજી સ્વામીના માર્ગદર્શન નીચે શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃત અભિષેક કર્યો હતો. અભિષેકના દર્શન બાદ તરત જ ભક્તોને તેરમા પાટોત્સવ પ્રસંગે શ્રી ઠાકોરજી આગળ મહાઅન્નકૂટના દર્શન થયા.

બપોરે શ્રી ઠાકોરજીની ભવ્યાતિભવ્ય, વિલેપાર્લેમાં ક્યારેય જોવા ન મળી હોય એવી સાત-સાત રથો, પાંસઠ-પાંસઠ સંતો અને હજારોની સંખ્યામાં હરિભક્તો દ્વારા શ્રી ઠાકોરજીની નગરયાત્રા થઈ. જેના દર્શન કરીને મુંબઈની પ્રજા આશ્ચર્યની સાથે સ્તબ્ધ થઈ ગઈ હતી. શ્રી સ્વામિનારાયણ ભગવાનના નામનો જયજયનાદ કરતી અનેક હૃદયમાં સ્વામિનારાયણ ભગવાનની ઓળખાણ નગરયાત્રા જ્યારે સભામંડપમાં પધારી ત્યારે પુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી કથા અમૃતનું રસપાન કરાવતા હતા. દ્વિતીય સત્રમાં પુ. સ્વામી પરમહંસદાસજીએ આ સંસારમાં વિવેક, વિનયની સાથે સત્સંગમય સંપથી જીવવાની અનેકવિધ કળાઓની શીખ દૃષ્ટાંતો સાથે આપી હતી.

વિલેપાર્લેનો તેરમો વાર્ષિક પાટોત્સવ અનોખો રહ્યો. આ વાર્ષિક પાટોત્સવ યજમાન પરિવારને માન આપી ભુજથી મહંતસ્વામી પાંસઠ સંતો સાથે પધાર્યા. યજમાનશ્રીએ દરરોજ હરિભક્તોને ભોજનપ્રસાદ પીરસીને ખૂબજ રાજી કર્યા હતા. ઉત્સવની આભારવિધિ કરતા લાલજીભાઈ ખીરાભાઈ ખુથીયાએ જણાવ્યું હતું કે આથી પૂર્વે અહીં બાર-બાર પાટોત્સવ થયા છે પણ આ તેરમા પાટોત્સવની ઉજવણી અદ્‌ભુત છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ વર્ષના હિંડોળા ઉત્સવ, દિવાળી-અન્નકૂટ ઉત્સવ, ધનુર્માસમાં ધુનોત્સવ, સાપ્તાહિક યુવકમંડળની સભાઓ તથા વાર્ષિક પાટોત્સવ જેવા પ્રસંગો સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન હેઠળ અજોડ રહ્યા. તેઓશ્રીએ યજમાન પરિવાર તેમજ પધારેલા સંતોનો ખૂબ આભાર માન્યો હતો.

સમગ્ર મહોત્સવનું સંચાલન શા. સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું.

- અહેવાલ : સ્વામી નિર્ભયજીવનદાસજી

## થાણા : પાટોત્સવની ઉજવણી

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમકૃપાથી, આચાર્ય મહારાજશ્રીના રાજીપાથી અને ભુજ મંદિરના મહંત સ્વામી તથા તમામ વડીલ સંતોના રૂડા આશીર્વાદ અને અથાગ પરિશ્રમથી થાણા શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભુવનમાં સહજાનંદ સ્વામી તથા રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા થઈ. જેનો વાર્ષિક પાટોત્સવ સંવત ૨૦૬૮, મહા સુદ ૧૪, તા. ૬-૨-૨૦૧૨ ના ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

જેમાં પ.પૂ.સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ સંતોએ ઉપસ્થિત રહી હરિભક્તોને આશીર્વાદ તથા દર્શનનો લાભ આપ્યો. શા. સ્વામી ગોલોકવિહારીદાસજીએ કથામૃતનો લાભ આપ્યો. મહંતસ્વામી તથા બીજા વડીલ સંતોના હસ્તે હરિકૃષ્ણ મહારાજનો અભિષેક તથા અન્નકૂટની આરતી થઈ. ગૃહસ્થ સત્સંગી બહેનોએ ખૂબ ભાવથી વિવિધ પકવાનો બનાવી મહારાજ આગળ ધર્યા.

પાટોત્સવના ઉપક્રમે ત્રિદિવસીય પારાયણનું આયોજન થયું. જેમાં શા. સ્વામી પરમહંસદાસજી તથા શા. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ વ્યાસપીઠ પર

વિરાજમાન થઈ સચોટ અને સરળ શૈલીમાં ''શિક્ષાપત્રી ભાષ્ય'' ની કથાનું રસપાન કરાવ્યું. સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજીએ સુમધુર સ્વરે કીર્તનો ગાઈ હરિભક્તોને કીર્તનભક્તિમાં તરબોળ કર્યા. પુ. સ્વામી ઉત્તમચરણદાસજીએ પારાયણનું સંપૂર્ણ સંચાલન ખૂબ જ સારી રીતે કર્યું. સાથે-સાથે અનેક દુહાઓ અને દૃષ્ટાંતોથી સત્સંગીઓને આનંદિત કર્યા.

આ પ્રસંગે પ.પૂ.સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદવર્ય કોઠારી પૂ. જાદવજી ભગત, પ.પૂ.સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવન દાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ ૪૦ થી ૫૦ જેટલા સંતોએ દર્શન તથા આશીર્વચનનો લાભ આપ્યો.

અ.નિ. પ.ભ. રતનશીભાઈ જેઠાભાઈ ખુથીયા, પ.ભ. શ્રી રવજીભાઈ શંભુભાઈ દોગા આ સંપૂર્ણ ઉત્સવના યજમાનપદે રહ્યા અને મહારાજ તથા સંતો-ભક્તોનો ખૂબ રાજીપો મેળવ્યો.

- અહેવાલ :ભચુભાઈરાવરીયા

## થાણા : ધનુર્માસ નિમિત્તે ધુન

શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભુવન-થાણામાં સ.ગુ. પુરાણી મહંતસ્વામી તથા સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી તા. ૧૭-૧૨-૨૦૧૧ થી તા. ૧૫-૧-૨૦૧૨ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધુનનું આયોજન થયું.

જેમાં સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી તથા સ્વામી ભક્તિકિશોર દાસજીએ ઉપસ્થિત રહી વાજિંત્રો સાથે ધુન કરાવી. ધનુર્માસ દરમ્યાન ખૂબ મોટી સંખ્યામાં હરિભક્ત ભાઈ-બહેનોએ ધુનનો લાભ લીધો.

- અહેવાલ : ભચુભાઈ રાવરીયા

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય - ભુજ : એન.એસ.એસ. ની શિબિર

તાજેતરમાં ભુજ તાલુકાના સુખપર મુકામે એન.એસ.એસ. ખાસ શિબિરનો ઉદ્‌ઘાટન સમારોહ 'સંસ્કૃત પાઠશાળા' સુખપર ખાતે યોજાઈ ગયો.

ઉદ્‌ઘાટન સમારંભમાં સ્વયંસેવકોને પ્રોત્સાહન આપવા માટે શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનના સંચાલક શા. સ્વામી પ.પૂ. હરિવલ્લભદાસજી તથા પ.પૂ. સ્વામી ભક્તિનંદન દાસજી, પ.પૂ. સ્વામી અક્ષરમુક્તદાસજી તથા અતિથિવિશેષ તરીકે કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ત્રિકમભાઈ છાંગાએ ખાસ હાજરી આપી હતી તથા મુખ્ય મહેમાનો જેમાં સરપંચશ્રી મનજીભાઈ ધનાણી, સંસ્કૃત પાઠશાળાના પ્રમુખ શ્રી શિવજીભાઈ પાધરા, ઉપપ્રમુખ શ્રી પ્રેમજીભાઈ વાઘજીયાણી, મંત્રી શ્રી કરસનભાઈ હાલાઈ તથા ખજાનચી શ્રી કેશવજીભાઈ ભુડિયા, શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલના માજી આચાર્ય શ્રી જનકભાઈ ભટ્ટ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

શાળાના આચાર્યશ્રી અને એન.એસ.એસ.ના વડા શ્રી એમ. એ. સુથારે એન.એસ.એસ.ની કામગીરીની રૂપરેખા આપી હતી. સરપંચ શ્રી મનજીભાઈએ તમામ પ્રકારના સહકારની ખાતરી આપી હતી. શ્રી જનકભાઈ ભટ્ટે એન.એસ.એસ.ની ઈતિહાથગાથા વર્ણવી હતી. જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ત્રિકમભાઈ છાંગાએ સેવાના માધ્યમથી રાષ્ટ્રપ્રેમનો ગુણ વિકાસ પામે છે તે અંગે મનનીય પ્રવચન આપ્યું હતું. શ્રી કેશવજીભાઈ ભુડિયાએ ઈમાનદારી અને ભ્રષ્ટાચારથી દૂર રહેવાનું આહ્વાન કર્યું હતું.

અધ્યક્ષસ્થાનેથી આશીર્વચન પાઠવતાં પ.પૂ. શા. સ્વામી હરિવલ્લભદાસજીએ સ્વયંસેવકોને જીવનમાં શિસ્ત અને કર્તવ્યપરાયણતાનો ગુણ કેળવવા

હાકલ કરી હતી.

આ પ્રસંગે સંસ્કૃત પાઠશાળાના આચાર્ય શ્રી દુર્ગેશભાઈ, શિક્ષકગણ તથા ઋષિકુમારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયના શિક્ષકો શ્રી કે. એચ. કોઠડીયા, શ્રી અતુલભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.

આ ખાસ શિબિરનું આયોજન અને સંચાલન સંસ્કૃત પાઠશાળાના મંત્રી શ્રી કરસનભાઈ હાલાઈ તથા એન.એસ.એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર શ્રી એસ. કે. જાડેજાએ સંભાળ્યું હતું.

અહેવાલ : કરસનભાઈ હાલાઈ (મંત્રી)

## માધાપર : પંચાહ્ન પારાયણ

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપા તથા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના રૂડા આશીર્વાદથી ગામ માધાપર શ્રી સ્વામિનારાયણના બન્ને મંદિરોમાં પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન તા. ૮-૨-૨૦૧૨, બુધવાર થી તા. ૧૨-૨-૨૦૧૨, રવિવાર સુધી કરવામાં આવેલ. આ કથા પારાયણના યજમાનપદે પ.ભ. શીવજીભાઈ શામજી હીરાણી, ધ.પ. ધનબાઈ, સુપુત્ર નાનજીભાઈ, વાલજીભાઈ તથા દેવજીભાઈ સહપરિવારે એમના મોક્ષાર્થે અને શ્રીજી પ્રસન્નતાર્થે એમણે લાભ લીધો.

આ કથા પારાયણના વક્તાપદે ભુજ મંદિરના પુ. સ્વામી હરિમુકુંદદાસજીએ પોતાની સુમધુર વાણીથી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય મંગલ બાલચરિત્રરૂપી શ્રી ઘનશ્યામ લીલામૃત સાગરનું અમૃતરસ પાન કરાવી ભક્તજનોને ખૂબ જ રાજી કર્યા હતા. આ કથા પ્રસંગે મંડળના વડીલ સ.ગુ. પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી જયકૃષ્ણદાસજી આદિ સંતમંડળના પૂર્ણ સહકાર સાથે કથાના પાંચે દિવસ મંગલ પ્રસંગો ભક્તિભાવથી ઉજવવામાં આવેલ.

આ કથા પ્રસંગે યજમાનશ્રીના ઘરે તથા વાડીએ સંતોની પધરામણી કરવામાં આવેલ. બીજા દિવસ યજમાન પરિવાર તરફથી સંતોના સાંનિધ્યમાં રાસોત્સવ ધામધુમથી ઉજવવામાં આવેલ. આ કથા પ્રસંગે યજમાન પરિવાર તરફથી કથાના પાંચે દિવસ સવાર, સાંજ બન્ને ટાઈમ ભોજનપ્રસાદ સર્વે સત્સંગી ભક્તોને અને ત્રીજા દિવસે એક ટાઈમ ગામના પટેલ જ્ઞાતિને ભોજનપ્રસાદ તથા ગાયોને બે દિવસ ચારો વગેરે આયોજન કરવામાં આવેલ.

આ કથા દરમ્યાન ભુજ મંદિરેથી સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી તથા ભુજ મંદિરના મુખ્ય કોઠારી પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા અન્ય સંતોએ પધારી યજમાન પરિવારને ભુજ મંદિર તરફથી પહેરામણીની ભેટ તથા આશીર્વાદ સાથે રાજી કર્યા હતા.

કથા સમાપ્તિના દિવસે બહેનોના મંદિરમાંથી છાબનું સમૈયા ભાઈઓના મંદિરમાં લઈ આવ્યા બાદ કથાની સમાપ્તિ તથા સંતોના રૂડા આશીર્વાદ સાથે યજમાન પરિવારને માધાપર મંદિર તરફથી પહેરામણીની ભેટ આપી બહુમાન કરવામાં આવેલ અને યજમાન પરિવાર તરફથી પણ એમના સ્નેહીજનો તથા મંદિરના કાર્યકર્તાઓને ભાવપૂર્વક પહેરામણી આપી રાજી કર્યા બાદ ભૂદેવના વરદ્ હસ્તે ઉત્થાનવિધિ બાદ સમાપ્તિની આરતી કરી કીર્તન ધુન્ય સાથે પારાયણની પૂર્ણ સમાપ્તિ કરવામાં આવેલ.

- અહેવાલ : અરજણભાઈ (મંત્રી)

## આમારા : શાકોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસન્નતાર્થે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૫-૨-૧૧ ના રોજ ગામ આમારા મધ્યે શ્રી કેનરવીર હનુમાનજી મહારાજની ગોદમાં ૧૧ મો શાકોત્સવ ઉજવાયો. શાસ્ત્રી સ્વામી નારાયણપ્રિયદાસજીએ કથા રસપાન

# થાણે શ્રી સ્વામિનારાયણ પ્રાર્થના ભવનનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો















## શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતીભુવન વિલે પાર્લેમાં વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો




## ભારાસરમાં ઉજવાયો ભવ્ય શાકોત્સવ




## શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ રાપરમાં શિત્રાપત્રી પૂજન







# શ્રી સ્વામિનારાયણ મંદિર ઉમીયા રાપર વાગડમાં ભવ્યાતિભવ્ય ઉજવાયો મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ















# કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોનું યોજાયું પ્રાંતીય યુવા સંમેલન
















કરાવ્યું અને સર્વે સત્સંગી કૃતાર્થ કર્યા હતા. પુરાણી સ્વામી રાધારમણદાસજી તથા પુરાણી સ્વામી દેવસ્વરૂપદાસજીએ પણ આશીર્વાદ આપી સૌને પાવન કર્યા હતા. સંતોએ સૌ યજમાનોને પુષ્પહાર પહેરાવી રાજી કર્યા હતા. બાળ મંડળના બાળકોએ પોતે તૈયાર કરેલ વિષયો ઉપર વક્તવ્ય આપી પોતાના મનોભાવ વ્યક્ત કર્યા હતા. સંતોના હાથે થયેલ શાકના વઘારની સોડમ લોયાના શાકોત્સવની ઝાંખી કરાવી હતી. આરતી, ધુન્ય કરી બપોરે શાક, રોટલા, મિષ્ટાન, મૂળાનો મહાપ્રસાદ ગ્રહણ કરી સૌ કોઈ છૂટા પડ્યા હતા.

- અહેવાલ : ક. શ્રી ન.ના.દેવ યુવક મંડળ

## ઉમૈયા : મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

કચ્છના વાગડ પ્રદેશમાં શ્રી સ્વામિનારાયણ સત્સંગનો વિસ્તાર અને વિકાસ વૃધ્ધિ પામતો જાય છે. તેમાં તાજેતરમાં રાપર તાલુકાના ઉમૈયા નામના નાનકડા ગામાં આવેલા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની મૂર્તિપ્રતિષ્ઠા તા. ૧૭-૨-૧૨ના દિવસે ઉત્સાહ, ધામધુમ અને ભક્તિભાવથી કરવામાંઆવી તે એક અવિસ્મરણીય સંભારણું બની રહી.

આ પ્રસંગે ભુજ મંદિરના વરિષ્ઠ સંતો તથા અમદાવાદથી શ્રી નરનારાયણદેવ ગાદીના અધિપતિ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની ઉપસ્થિતિ હોતાં તેમનાં દર્શનની ભાવના સાથે નાના સરખા ઉમૈયા ગામે ઉત્સાહી હરિભક્તોની મેદનીનો અનુભવ કર્યો હતો.

આ પ્રસંગે પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા પુ. સ્વામી હરિમુકુંદદાસજીએ પોતાની લાક્ષણિક શૈલી અને સરળભાષામાં શ્રીમદ્ ભાગવતની કથાનું સંગીત, કીર્તન અને સુસંગત દૃષ્ટાંતો સાથે શ્રવણ કરાવી સૌને ખુશ કરી દીધા.

સંગીતકાર ગવૈયા સ્વામી અક્ષરમુક્ત દાસજીએ સંગીતના સુરો રેલાવી વાતાવરણમાં રંગ લાવી દીધો. સંગીત સાથેની કથાશ્રવણનો લાભ ખાસ કરીને ગ્રામ જનતાએ વિશેષ આનંદપ્રદ બન્યો.

કથા પારાયણના પાંચ દિવસ દરમ્યાન સભાનું સંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળી શ્રોતાવર્ગને કથાવસ્તુ અને કાર્યક્રમોને પીઢપણે યથાસમય રજુ કરી સૌની આતુરતાને તૃપ્ત કરી.

કથા સાથે મહોત્સવ દરમ્યાન પવિત્રતા, વ્યસનમુક્તિ, સદાચાર, કેળવણી આદિ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો. ઉપરાંત વાગડના ગ્રામીણ યુવાનો માટે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ પ્રાંતીય યુવા સંમેલન યોજવામાં આવ્યું.

વાગડમાં સત્સંગ સેવા કરવામાં જેમની ચાર દાયકા ઉપરાંતથી ચાલુ છે. તેવા સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીની સેવાની પ્રશંસાપૂર્વક નોંધ લેવામાં આવી હતી.

ભુજ મંદિરેથી પધારેલ પ.પૂ. સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. કોઠારી સ્વામી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ.પુ. સ્વામી હરિબળદાસજી, સ્વામી મુકુંદજીવનદાસજી, શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ સંતોના દર્શન અને સાંનિધ્યનો લાભ હરિભક્તોએ માણ્યો અને એથી રાજી થયા.

પ.પૂ. મહંતસ્વામીનું નરનારાયણદેવની ભક્તિમાં દૃઢ રહેવા સૂચવતું પ્રવચન પ્રેરણાદાયક બન્યું.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા ઉદ્‌બોધનમાં જણાવ્યું કે જીવનમાં સત્સંગનું મૂલ્ય બહુ મોટું છે. ભગવાનની કૃપા થાય તે સદ્‌ભાગ્ય છે. ભગવાનના કૃપાપાત્ર બનેલા ભાગ્યશાળીને સત્સંગની પ્રાપ્તિ થાય છે.

પ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય યજમાનપદનો તથા ભૂમિદાનનો લાભ આરેઠીયા મુરજીભાઈ લાધાભાઈએ કથા મહોત્સવના યજમાન ગામી ભચુભાઈ દામજી, સહયજમાન ગામી વાલીબેન

રૂપાભાઈ સહપરિવાર આદિદાતાઓએ લીધો હતો.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને હસ્તે તથા પ.પૂ. મહંતસ્વામી આદિ સંતોને હસ્તે સેવાભાવી હરિભક્તોને સત્કારવામાં આવ્યા હતા.

આ મૂર્તિ પ્રતિષ્ઠાના અવસરે વાગડની બે ચોવીસીના ભાવિકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા અને ગામના તેમજ બહારગામના દરેક શ્રોતાઓને ૫ દિવસ બન્ને ટાઈમ મહાપ્રસાદની વ્યવસ્થા હતી.

પ્રભુદર્શન, સંતો હરિભક્તોના દર્શન, કથા શ્રવણ અને ભક્તિભાવ સાથે પ્રસાદ ભોજનના આનંદભર્યો મહોત્સવ સ્મરણીય બની ગયો.

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય - ભુજ : પ્રજાસત્તાક દિનની ઉજવણી

૬૩ મા પ્રજાસત્તાકદિનની ઉજવણી સ્વામિનારાયણ વિદ્યાલય ખાતે ધામધુમથી કરવામાં આવી હતી. સ્વામિનારાયણ મંદિર, ભુજના ઉપમહંત પ.પૂ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, વિદ્યાર્થી ભવનના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજી, કેળવણી મંડળના પ્રમુખ શ્રી કરસનભાઈ જેસાણી, ઉપપ્રમુખ શ્રી પ્રવીણભાઈ પિંડોરીયા, મંત્રી શ્રી અરજણભાઈ દુબાસીયા, વિદ્યાર્થી ભવનના પ્રમુખ શ્રી મુરજીભાઈ શીયાણીની ઉપસ્થિતિમાં યોજાયેલ ધ્વજવંદન કાર્યક્રમમાં પ.પૂ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીના હસ્તે ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વક્તવ્ય/આશીર્વચન પાઠવતાં સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય પર્વમાં હોંશભેર ભાગ લઈ દેશની આઝાદીને અખંડિત રાખવા જણાવ્યું હતું. શા. સ્વામી શ્રી હરિવલ્લભદાસજીએ આ માસને પવિત્ર લેખાવીને વિદ્યાર્થીઓને જીવંત રહેવા જણાવ્યું હતું. મંદિરના કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ વિદ્યાર્થીઓને ભવિષ્યના ઘડવૈયા લેખાવ્યા હતા. તેમણે આપણો દેશ સુખ, સમૃધ્ધ તથા આબાદ રહે તે માટે સહકારની ભાવનાથી કામ કરવા જણાવ્યું હતું.

શાળાના આચાર્ય શ્રી એમ. એ. સુથારે વિદ્યાર્થીઓને સંબોધતા ૧૯૫૦ માં અમલમાં આવેલ બંધારણ તથા તેમાં ડો. આંબેડકર સહિત અન્ય નેતાઓએ આપેલ યોગદાનની નોંધ લઈ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય પર્વમાં સ્વયંભૂ જોડાવા અપીલ કરી હતી.

કેળવણી મંડળના ઉપપ્રમુખે વિદ્યાર્થીઓને સંબોધતા ભારતના મહાસત્તા તરફના પ્રયાણમાં આવતીકાલના નાગરિકો તરીકે વિદ્યાર્થીઓને જોડાવા અનુરોધ કર્યો હતો. શ્રી વિનોદભાઈ શીયાણીએ મંદિરના સામાજિક યોગદાનનો ઉલ્લેખ કરી આ સેવાભાવી કાર્યોમાં જોડાવા અપીલ કરી હતી.

આ પ્રસંગે દેશભક્તિ ગીત, નાટક, પિરામીડ, સંવાદ, અભિનય ગીત વગેરે કાર્યક્રમોનું આયોજન થયેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. એન.સી.સી., એન.એસ.એસ. તથા સ્કાઉટના વિદ્યાર્થીઓએ પરેડ યોજેલ હતી.

સ્વામી અક્ષરમુક્તદાસજીની પ્રેરણાથી શ્રી વિનોદભાઈ શીયાણી, શ્રી કરસનભાઈ હાલાઈ તથા શાળાના આચાર્ય શ્રી મગનભાઈ સુથાર તરફથી પ્રોત્સાહનરૂપે રોકડ પારિતોષિક જાહેર કરાયા હતા. આ પ્રસંગે સ્વામી ભક્તિનંદનદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી, શ્રી લાલજીભાઈ રૂપાલીયા વગેરે ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા શ્રી દિલીપભાઈ ભટ્ટ, શ્રી શિવજીભાઈ વણકર, શ્રી વી. એચ. રાવલે સહયોગ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી હિતેશભાઈ વ્યાસે કર્યું હતું.

- અહેવાલ : આચાર્યશ્રી

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય-માંડવી : પ્રજાસત્તાક દિનની ઉજવણી

શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય-માંડવી ખાતે ૬૩ મા પ્રજાસત્તાકદિને શ્રી સ્વામિનારાયણ મંદિર-માંડવીના મહંત સ.ગુ. સ્વામી સનાતનદાસજીની ઉપસ્થિતિમાં સંસ્કારધામના પ્રમુખ શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ ત્રિરંગો લહેરાવી સલામી આપી હતી. પ્રારંભમાં શાળાના આચાર્ય શ્રી મદનસિંહ ચાવડાએ સ્વાગત પ્રવચન સાથે શાળાકીય પ્રવૃત્તિની ઝલક રજૂ કરી હતી. અધ્યક્ષસ્થાનેથી સંસ્થાના પ્રમુખ શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ કહ્યું હતું કે, શાળામાં અભ્યાસ કરતા બાળકોની પ્રગતિ એ રાષ્ટ્રની પ્રગતિનો મૂળ પાયો મજબૂત કરે છે. વિદ્યાર્થી જે દિશા નક્કી કરે છે અને પ્રાપ્ત કરે છે ત્યારે પોતાની માતૃસંસ્થાને ચોક્કસ યાદ કરે છે, ભૂલતો નથી. તેવી જ રીતે રાષ્ટ્રની વિકાસયાત્રામાં યોગદાન આપેલ ક્રાંતિકારીઓ અને સપૂતોને ક્યારેય પણ ભૂલવા ન જોઈએ, તેમ જણાવી સંપૂર્ણ રીતે દેશની સેવામાં સમર્પિત થવા આહ્વાન કર્યું હતું. તેમની સાથે સ્વામી વેદપ્રકાશદાસજી અને સ્વામી નિર્ભયચરણદાસજી તેમજ માંડવી મંદિરના સંતો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગનાં વિદ્યાર્થીઓએ દેશભક્તિનાં ગીતો, આદર્શ વિચારોને મૂર્તિમંત કરતા નાટકો રજૂ કરી ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વર્ષ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ મેળવેલ સિધ્ધિ બદલ ઉપસ્થિત સંતો અને ટ્રસ્ટીશ્રીઓના હસ્તે ઈનામો અને પ્રશસ્તિપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. શિક્ષક સ્ટાફે કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી હતી. કાર્યક્રમનું સંચાલન જગદિશભાઈ મહેતાએ કર્યું હતું તેમજ આભારવિધિ શાળાના વિદ્યાર્થી ભુડિયા મનિષ કેશરાભાઈએ કરી હતી.

## અંજાર : શિક્ષાપત્રી જયંતિ-પ્રભાતફેરી

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં મંડળના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિની પ્રેરણાથી અંજાર મધ્યે નૂતન મંદિરના ખાતમુહૂર્તના ઉપલક્ષ્યમાં શ્રી સ્વામિનારાયણ પ્રભાતફેરીનું સંગીત, નૃત્ય, ગાન સાથે ભવ્યાતિભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું. આ બાઈક રેલીને આડાના ચેરમેન શ્રી ભરતભાઈ શાહ તથા અંજાર નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રી મહેશભાઈ સોરઠીયાએ સ્ટાર્ટ આપ્યો.

પ્રભાતફેરીમાં અંજારના હરિભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. કળશધારી બહેનો સાથે શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગ પર સૂચિત નૂતન મંદિર (વાડી) થી મુખ્ય માર્ગે થઈ શ્રી સ્વામિનારાયણ મંદિરે પરત ફરી ત્યાર પછી સર્વે હરિભક્ત ભાઈઓ તથા બહેનોને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું. સંચાલક કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ જણાવ્યું કે વસંતપંચમીના શિક્ષાપત્રી જયંતિએ ભાઈઓ ૨૧૨ બાઈકથી હરિભક્તોએ શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકોના બેનર ધજા પતાકા સાથે જય શ્રી સ્વામિનારાયણના નામ સાથે આખા શહેરનું વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

આ પ્રસંગે સહયોગી સંતો, ભુજ મંદિરથી તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-નારાણપરથી પધારીને સંતોએ શોભામાં અભિવૃધ્ધિ કરી હતી તથા માંડવી, ભુજ તથા સમગ્ર કચ્છના વડીલ તથા નાના મોટા સર્વે સંતો તથા અંજાર મંદિરની કાર્યવાહક સમિતિના સભ્યો કોઠારી પ્રેમજીભાઈ હીરાણી આદિ સભ્યો તથા સાં.યો. મહંત ત્રિવેણીબેન આદિ સર્વે સાં.યો. બહેનો તથા મહિલા મંડળ તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના અંજાર શહેર તથા બેન્સા વિસ્તાર તથા નાની નાગલપર વાડી વિસ્તારના યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

- અહેવાલ : મેહુલકુમાર પી. ઠક્કર

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન : શુભેચ્છા સમારંભ

શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન-ભુજમાં રહીને અભ્યાસ કરતા ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ કાર્યક્રમ યોજાઈ ગયો.

તા. ૧૦-૨-૧૨ ના દિવસે મંદિરથી પધારેલ પાર્ષદ જાદવજી ભગત તેમજ અન્ય વરિષ્ઠ સંતો તેમજ મહેમાનો તથા સંસ્થાના પ્રમુખ મુરજીભાઈ શીયાણી તેમજ ઉપપ્રમુખ જનકભાઈ ભટ્ટ તથા સંસ્થાના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજી, સ્વામી અક્ષરમુક્ત દાસજી, સ્વામી ભક્તિનંદનદાસજી તથા સ્વામી મુક્તમુનિદાસજીની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત 'અમે સૌ શ્રીજીના સંતાન...' એ ગીતથી કરવામાં આવી. પધારેલ મહેમાનો તેમજ સંતોનું સ્વાગત, સ્વાગત પ્રવચન વિદ્યાર્થી ભુવનના ઉપપ્રમુખ શ્રી જનકભાઈ ભટ્ટ તેમજ પ્રાસંગિક પ્રવચન પ્રમુખ શ્રી મુરજીભાઈ શીયાણીએ કર્યું હતું.

આ શુભેચ્છા સમારોહમાં કેળવણી મંડળના પ્રમુખ શ્રી કરસનભાઈ જેસાણી, સંસ્થાના મંત્રી શ્રી અર્જુનભાઈ દબાસીયા, ટ્રસ્ટી શ્રી ભરતભાઈ મહેતા, શ્રી લાલજીભાઈ રૂપાલિયા, શ્રી વાઘજીભાઈ પટેલ આદિ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા હતા.

સ્વામી ઉત્તમચરણદાસજી તથા કાર્યક્રમને અનુરુપ પ્રવચન શ્રી નારણભાઈ વેલાણીએ કર્યું હતું. સંસ્થામાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સંસ્થાને ઝેરોક્ષ મશીન અર્પણ કરેલ તેમજ શિક્ષકો અને ગૃહપતિઓનું પ્રતિક ભેટ આપી સન્માન કર્યું હતું. આ કાર્યક્રમને આગળ ધપાવતાં સંસ્થાના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજીએ વિદ્યાર્થીઓને જીવનમાં હવે પછી કેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે તેની વિસ્તૃત ચર્ચા કરી અને લાગણી વ્યક્ત કરી હતી. તેમજ વિદ્યાર્થીજીવનમાં ભણતરનું મૂલ્ય શ્રી વિનોદભાઈ શીયાણીએ વિગતવાર સમજાવ્યું હતું. સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજી એન્ડ પાર્ટીએ સંગીતમય જ્ઞાન પીરસ્યું હતું. આશીર્વચન પાર્ષદ કોઠારી જાદવજી ભગતે આપ્યા હતા તેમજ કાર્યક્રમનું સંચાલન હિતેશભાઈ વ્યાસ તથા આભારવિધિ ચંદુભાઈ વ્યાસે કરી હતી.

- અહેવાલ : ચંદુભાઈ વ્યાસ

## ભક્તિનગર : મહિલા શિબિર

તા. ૧૬-૨-૨૦૧૨ ના રોજ ભક્તિનગર મધ્યે સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં મહિલામંડળ અને યુવતી મંડળની બહેનોએ ઉત્સાહપૂર્વક ભક્તિભાવ સાથે ભાગ લીધો હતો. શિબિરમાં નિયમ, ચેષ્ટાના પદો આદિનો મહિમા સમજાવી શ્રીજી મહારાજનાં પદચિહ્નો, તલની માહિતી આપવામાં આવી હતી. જ્ઞાનચકાસણી અને બૌધિકક્ષમતા માટે બહેનોની ત્રણ ટીમ વચ્ચે સ્પર્ધા યોજવામાં આવી હતી. ટીમોને શ્રી રાધારમણ ટીમ, શ્રી ગોપીનાથજી ટીમ અને શ્રી નરનારાયણ ટીમ એવાં નામ આપવામાં આવ્યાં હતાં. ત્રણેય ટીમ તરફથી સુંદર અને સચોટ પ્રદર્શન થતાં ત્રણેય ટીમને વિજેતા જાહેર કરવામાં આવી હતી.

ભક્તિનગર ખાતે દર ગુરુવારે મહિલા મંડળ અને યુવતી મંડળની સત્સંગસભા નિયમિત રીતે યોજાય છે. આ સભાઓમાં તથા શિબિરોમાં સાં.યો. બહેનો દ્વારા માર્ગદર્શન પુરું પાડી ભક્તિમાં દઢતા લાવવાની સમજ આપવામાં આવે છે.


- અહેવાલ : જોધાણી રમીલા દેવજી

# *વિદેશ સમાચાર*


## બોલ્ટન : સંતોનું સાંનિધ્ય

તા. ૨૨-૧-૨૦૧૨ના દર વર્ષની જેમ યુ.કે.માં સત્સંગ પ્રચાર માટે આપણાં બોલ્ટન મંદિરમાં ભુજ મંદિરના પૂ. મહંતસ્વામી હરિસ્વરૂપદાસજીના મંડળના સંતો તેમજ શા. સ્વામી મહાપુરુષદાસજીના મંડળના સંતો તેમજ સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી આદિ સંતોએ ૧ અઠવાડીયું રોકાઈને હરિભક્તોને કથા-વાર્તાનો ખૂબ જ લાભ આપેલ તેમજ શનિવાર, તા. ૨૮-૧-૨૦૧૨ ના વસંતપંચમીના શુભ દિવસે તેમના વરદ્ હસ્તે સાંજે સમુહમાં શિક્ષાપત્રી મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ અને સમૈયો ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ અને હરિભક્તોને ખૂબ જ રાજી કરવામાં આવેલ.

અહેવાલ : મનજીભાઈ ગાંગજી હાલાઈ (પ્રમુખ)



# વિદેશ સમાચાર



## મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) : મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

ઓસ્ટ્રેલિયામાં સૌ પ્રથમ મોક્ષનું દ્વાર ખુલ્યું. મેલબોર્નને આંગણે ઉજવાયો ભવ્યાતિભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, ભુજ મંદિરથી પધાર્યા ૧૫ સંતોની સાથે પૂ. મહંતસ્વામી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દર્શનનો અમૂલ્ય અવસર, દેશ-વિદેશના ભક્તોનો અદ્‌ભૂત સમુદાય, અનેકવિધ ઉત્સવોથી ગાજતા રહ્યા તા. ૨૪-૧-૨૦૧૨ થી તા. ૨૮-૧-૨૦૧૨ ના દિવસો.

હા ભક્તજનો ! ઓસ્ટ્રેલિયાના વિકટોરીયા સ્ટેટનું કેપીટલ મેલબોર્નમાં આપણા મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૪-૧-૨૦૧૨ થી તા. ૨૮-૧-૨૦૧૨ દરમ્યાન ખૂબ જ ધામધૂમથી ઉજવાયો.

આ ઉત્સવની શુભ શરુઆત તા. ૨૩-૧-૨૦૧૨ના સાંજે ૫:૦૦ વાગ્યે પોથીયાત્રાથી થઈ. પોથીયાત્રામાં લેઝીમદળના બાળકો, મંદિરની બેગપાઈપથી સજ્જ બેન્ડ, દેશ-વિદેશના હરિભક્તોની મંડળી, પૂ. મહંતસ્વામી, પ.પૂ. આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, મોટી સંખ્યામાં સંતો-હરિભક્તો અને મસ્તક પર શાસ્ત્ર અને સામૈયાને ધારી રહેલા બહેનો ભક્તોથી શોભી ઊઠી. ફેરહીલ હાઈસ્કૂલના મેદાનમાંથી શરૂ થયેલી પોથીયાત્રા શ્વેતદ્વીપ ધામ સભામંડપમાં વિરામ પામી.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પૂ. મહંત સ્વામી, પૂ. સ્વામી કેશવપ્રસાદદાસજી, મીનીસ્ટર ઓફ મલ્ટીકલ્ચર કાઉન્સલર ઓફ નોક્સસીટી, મેયરઓફ નોક્સસીટી તથા દાતાશ્રીઓના હસ્તે ઉત્સવનું દિપપ્રાગટ્ય થયું. અનેક સોવિનીયરોના વિમોચનો થયાં. જેમાં 'મનગમતા વનમાળી' સી.ડી.નું વિમોચન આકર્ષક રહ્યું.

તા. ૨૪-૧-૨૦૧૨ ના સવારે ૯:૦૦ વાગ્યે સ્થાપનપૂજનની સાથે વક્તા શા. સ્વામી ગોલોકવિહારીદાસજીના મુખેથી પારાયણની શુભ શરૂઆત થઈ. દ્વિતીય સત્રના અંતમાં શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રાગટ્યોત્સવ અતિ ધામધૂમથી ઉજવાયો. મેલબોર્નના બાળકો ઘનશ્યામ મહારાજના મિત્રો બની યુવાનો અને વડીલો ઘેલમાં આવી નાચી ઊઠ્યા. રાસોત્સવમાં પૂ. મહંત સ્વામી સાથે સંતોનો એક રાસ અને બીજા ત્રણ રાસમાં મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા.

તા. ૨૫-૧-૨૦૧૨ ના સવારના સત્રમાં કથા બાદ બપોર પછી દ્વિતીય સત્રમાં કથા પૂર્ણાહુતિ કરીને શેષનારાયણાકૃતિરૂપ વાહનમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. જેનાં દર્શન કરવા સ્થાનિક ઓસ્ટ્રેલિયાના લોકો પણ ઉમટ્યા હતા અને પોતાના કેમેરામાં આવી શોભાયાત્રાની તસ્વીરો કંડારી હતી. શોભાયાત્રાએ જેવો મંદિરના પટાંગણમાં વિરામ લીધો કે તે જ વાહન પરથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રંગવર્ષા કરી હરિભક્તોના વસ્ત્રો સહિત દેહોને ભક્તિના રંગે રંગી દીધા હતા. આવા રંગનો પ્રસાદ લેવા હરિભક્તોમાં પડાપડી થતી જોઈ સ્થાનિક લોકો સ્તબ્ધ થઈ ગયા હતા.

તા. ૨૬-૧-૨૦૧૨નો સૂરજ તો જાણે સુવર્ણનો થઈને ઊગ્યો. વહેલી સવારે મંદિરમાં વિષ્ણુયાગનો શુભારંભ થયો. વેદોક્ત મંત્રોની સાથે દેવોની અપાતી આહુતિઓના 'સ્વાહા... સ્વાહા...'

શબ્દોથી મેલબોર્નની નોક્સસીટીની ગલીઓ ગાજી ઊઠી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મહંત સ્વામી આદિ વડીલ સંતોના વરદ્ હસ્તે પવિત્ર ભૂદેવો ભગવાનના એકાંતિક ભક્તોના સાંનિધ્યમાં શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી રામચંદ્ર ભગવાન, શ્રી લક્ષ્મણજી, શ્રી સીતાજી, શ્રી સૂર્યનારાયણદેવ, શ્રી શિવજી, શ્રી કષ્ટભંજનદેવ, શ્રી વિઘ્નવિનાયકદેવની મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા વિધિ થયો અને તે મૂર્તિઓ સાક્ષાત્ ભગવાન અને તે તે દેવતાઓનાં સ્વરૂપો બની ગયા. ભગવાન શ્રીહરિ મેલબોર્નમાં પધાર્યા અને મેલબોર્ન બન્યું મોક્ષનું દ્વાર. પધારેલા ભગવાનનો સૌ પ્રથમવાર પંચામૃતથી મહાભિષેક પૂ. આચાર્ય મહારાજશ્રી અને પૂ. મહંત સ્વામીના વરદ્ હસ્તે થયો. અભિષેકના અદ્ભુત દર્શન કર્યા બાદ ભક્તોને ભગવદ્ કથામાં ડૂબવાનો અવસર મળ્યો. કથા બાદ વળી મંદિરમાં ભગવદ્સ્વરૂપો સામે મહાઅન્નકૂટ ગોઠવવામાં આવ્યો. ભારતીય ભોજનની અનેક વાનગીઓ જોઈને બ્રેડ-બટર ખાતા ઓસ્ટ્રેલિયનોના મોં ખુલ્લા રહી ગયાં.

આ મહોત્સવ દરમ્યાન ભુજથી પધારેલા પ્રાતઃસ્મરણીય પ.પૂ. મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતાં જણાવ્યું કે ઓસ્ટ્રેલિયામાં આપણા હરિભક્તો સમર્પિત ભાવ સાથે ધર્મપરાયણ છે અને સત્સંગ સાથે જોડાયેલા છે તે અતિ આનંદની આવકારદાયક વાત છે. મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે અત્રે પધારેલ હરિભક્તોનો ભક્તિભાવ જોઈ હર્ષની અનુભૂતિ થાય છે. ભુજ મંદિર તરફથી મેલબોર્ન મંદિરને શ્રી ઘનશ્યામ મહારાજની અમૂલ્ય અને અતિ સુંદર મૂર્તિ અર્પણ કરી સેવા કરવામાં આવી છે. આપ સૌ આ પ્રતિમાને મનમાં ધારજો, નિત્ય દર્શનનો લાભ લઈ જીવનને ધન્ય બનાવજો. આપણા કચ્છ સત્સંગની પરંપરા અને સંપ્રદાયના સુસંસ્કારોનું જતન કરજો. નિત્ય સત્સંગમાં રહી ભક્તિને દઢ કરજો. જે રીતે વડીલોમાં આપણી સંસ્કૃતિ અને સંસ્કારો જીવંત છે તેનું સાવધાનીપૂર્વક જતન કરજો. ખાસ કરીને યુવાવર્ગે વધારે જાગૃત રહેવાનું છે. પાશ્ચાત્ય સંસ્કૃતિની કોઈ વિકૃતિ આપણામાં આવે નહીં તેની સાવધાની રાખવાની છે. જે રીતે વડીલો એ યુવાનોમાં ભારતીય પરંપરાગત સંસ્કારો રોપ્યા છે, તેવા જ સંસ્કારોનું સિંચન પોતાના સંતોનોમાં પણ કરજો, દેશમાં અને આફ્રિકામાં વસતા વડીલો અને માતા-પિતાને ક્યારેય પણ ભૂલશો નહીં, તેઓને સદા પ્રસન્ન રાખજો. ભુજ મંદિર સાથે જોડાયેલા રહેશો તથા સંતોની આજ્ઞામાં રહી સાચા સત્સંગી બની ગૌરવવંતુ જીવન જીવી, શ્રીજી મહારાજને સેવીને પરમધામમાં સ્થાન મળે તેવાં

## ભક્તિરસની સમરસતા : મેલબોર્ન

ભુજ મંદિરના સંતોને કચ્છના હરિભક્તો તરફ જેટલો ભાવ છે તેટલો ને તેટલો ભાવ વિદેશના હરિભક્તો તરફ પણ છે. તેથી જ તો પ.પૂ. મહંતસ્વામી સહિત ૧૫ જેટલા સંતો મેલબોર્ન ખાતે મૂર્તિપ્રતિષ્ઠા સમયે ઉપસ્થિત રહ્યા અને ભક્તિસુધાના સત્સંગરસથી સૌને તૃપ્ત કર્યા. માત્ર એટલુંજ નહીં પરંતુ મેલબોર્ન મંદિરને શ્રી ઘનશ્યામ મહારાજની અમૂલ્ય અને નયનરમ્ય પ્રતિમા અર્પણ કરી. ભુજ મંદિર દ્વારા કરવામાં આવેલી આ મૂર્તિની સેવા ભુજ મંદિરનો મેલબોર્ન મંદિર પ્રત્યેનો અદમ્ય ભાવ અને હરિભક્તો પ્રત્યેની પ્રસન્નતાનું પ્રતીક છે. મેલબોર્નના હરિભક્તો નિત્ય આ મૂર્તિનું ચિતવન કરી, ભક્તિમાં દઢતા લાવી, પુણ્યનું ભાથું બાંધી શ્રીજી મહારાજને સમર્પિત થાય તેવી મંગલમય ભાવના સાથે ભુજ મંદિર દ્વારા આવી અનન્ય સેવા કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયામાં રહેતા હરિભક્તો તરફથી ભરપૂર પ્રેમ અને આદર મળ્યાં છે તેથી ભુજ મંદિરનાં સર્વે સંતોનો ઓસ્ટ્રેલિયાના તમામ હરિભક્તો તરફ રાજીપો છે.

સત્કાર્યો અને સેવા કરતા રહેશો એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજે આશીર્વચન પાઠવતાં જણાવેલ કે, જે રીતે દેશમાં સત્સંગ ફાલ્યો ફૂલ્યો છે એ જ રીતે વિદેશની ધરતી પર પણ આપણા સંપ્રદાયના હરિભક્તો ધર્મને વિશેષ મહત્ત્વ આપી, મંદિરોનાં નિર્માણ દ્વારા સત્સંગ સાથે જોડાયેલા રહ્યા છે તેથી પ્રસન્નતા થાય છે. ભુજ મંદિર દ્વારા હરિભક્તોની ભક્તિ દઢ બનાવવા જે સહયોગ મળે છે અને ભુજ મંદિરના સંતો જે ધર્મકાર્યો દ્વારા સત્સંગની સેવા કરે છે તે પણ નોંધપાત્ર છે. આ રીતે જ મહારાજને સાથે રાખીને સત્કાર્યો થતાં રહે એ આવકારદાયક છે. ભવસાગર તરવાનો આ શ્રેષ્ઠ માર્ગ છે. આ માર્ગે ચાલનારને શ્રી સ્વામિનારાયણ ભગવાન સદા સમૃધ્ધ અને સુખિયા રાખે છે.

દ્વિતીય સત્રની કથા શ્રવણબાદ આચાર્ય મહારાજશ્રીને વિદાય આપીને પ્રેરણાદાયી સાંસ્કૃતિક કાર્યક્રમ સૌએ નિહાળ્યો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં બહેનો તરફથી ગરબા, નૃત્ય નાટિકાઓ અને બાળકો તથા યુવાનો દ્વારા નૃત્ય ગીતો, કવ્વાલી તથા શ્રવણ દર્શન અને વીર ભગતસિંહ જેવી કૃતિઓ રજૂ થઈ જેમને દર્શકોના દિલ જીતી લીધાં.

તા. ૨૭-૧-૨૦૧૨ ની સવાર તો ભગવાનના નામથી ગૂંજી ઊઠી. વહેલી સવારે સંતો ભક્તો ધૂન કરતા કરતા શ્વેતદ્વીપધામ સભામંડપથી નીકળ્યા તે લગભગ ૩ કી.મી. દૂર મંદિરે પ્રભાતફેરીના રૂપમાં ચાલીને પહોંચ્યા. આવી પ્રભાતફેરીનું દર્શન મોર્નિંગ વોક કરતા, સાયકલીંગ અને જોગીંગ કરતા અનેક ગોરા લોકોના હૃદયમાં સત્સંગનું બીજબળ કરાવતું હતું. કથા પારાયણ અંતર્ગત શાકોત્સવે તો લોયાનાં શાકોત્સવની ઝાંખી કરાવી દીધી. સાંજના સત્રની કથા વિરામ લીધા બાદ શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારી દાસજી સાથે શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ - ઓસ્ટ્રેલિયાના યુવાનોએ નંદ સંતો રચિત કીર્તનો ગાઈને શ્રોતાગણને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. આ ભજનસંધ્યાએ સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું.

તા. ૨૮-૧-૨૦૧૨ ના પ્રથમ સત્રમાં પારાયણની પૂર્ણાહુતિ કરી. દેવતાઓનું ઉત્તરપૂજન કર્યું. રાજેશભાઈ વરસાણીએ આભારવિધિ કર્યો. ભગવાન અમારા ગામમાં પધાર્યા તેના હરખમાં મેલબોર્નના ભક્તોએ મંદિરમાં જ ૫ કલાકની ધુન કરી શ્રીહરિની પ્રસન્નતા મેળવી હતી. ત્યારબાદ શિક્ષાપત્રી જયંતિના શિક્ષાપત્રી પૂજનનો અનેરો લ્હાવો લીધો હતો. મેલબોર્ન માં આ સૌ પ્રથમવાર શિક્ષાપત્રી પૂજનનો કાર્યક્રમ હતો.

તા. ૨૯-૧-૨૦૧૨ ના પ્રાતઃકાળે સમૂહ મહાપૂજા મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની સન્મુખ કરવામાં આવી.

મહોત્સવમાં શા. સ્વામી ગોલોકવિહારી દાસજી તથા શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ સુમધુર શૈલીમાં શ્રીમદ્ સત્સંગીજીવન શાસ્ત્રની કથાનું રસપાન કરાવ્યું હતું. સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી, પુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી, શા. સ્વામી સૂર્યપ્રકાશદાસજી આદિ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર મહોત્સવનું સંચાલન શા. સ્વામી દેવચરણદાસજીએ સંભાળ્યું હતું.

મંદિરના ટ્રસ્ટીઓ : દિપકભાઈ રાઘવાણી, રાજેશભાઈ વાલજી વરસાણી, ભીમજીભાઈ ધનજી વેકરીયા, રમેશભાઈ વિશ્રામ ગોરસીયા, સુરેશભાઈ ધનજી વેકરીયા.

મંદિરની કાર્યવાહી કમિટી : પ્રમુખશ્રી : દિપકભાઈ કાનજી રાઘવાણી, ઉપપ્રમુખશ્રી : રાજેશભાઈ વાલજી વરસાણી, મંત્રીશ્રી : પ્રકાશભાઈ માવજી હીરાણી, સહમંત્રીશ્રી : મનોજભાઈ શીવજી વરસાણી, ખજાનચીશ્રી : અરવિંદભાઈ કાનજી કારા,

સહખજાનચીશ્રી : જયભાઈ નારણ સેંઘાણી, સભ્યશ્રીઓ : હરીશભાઈ લાલજી હીરાણી, મનિષભાઈ હરજી રાઘવાણી, વિપુલભાઈ જેન્તીલાલ સાંખલા, ગુણવંતભાઈ જોધાણી.

ઉત્સવ સમિતિ : (૧) પી. આર. સમિતિ (૨) ઉત્સવ-સજાવટ-સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ (૩) ઉતારા વ્યવસ્થા, વાહનવ્યહાર, પાર્કિંગ, સીક્યુરીટી સમિતિ (૪) રસોડા વિભાગ સમિતિ.

## મોમ્બાસા : શિક્ષાપત્રી પારાયણ : પાટોત્સવ

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય પ.પૂ. મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, મોમ્બાસાના પર મા પાટોત્સવ નિમિત્તે તા. ૨૦-૧-૨૦૧૨ થી તા. ૨૮-૧-૨૦૧૨ સુધી નવદિનાત્મક જ્ઞાનયજ્ઞ અ.નિ.સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજીના મંડળના સંતો સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, પુ. સ્વામી વ્યાસમુનિદાસજી આદિની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાઈ ગયો. શિક્ષાપત્રી પારાયણ પ્રસંગે વ્યાસાસને વિરાજમાન શા. સ્વામી નારાયણમુનિદાસજી તથા સ્વામી સંતસ્વરૂપદાસજીએ કથામૃતનું રસપાન કરાવેલ. તા. ૨૨-૧-૨૦૧૨ ના રોજ શાકોત્સવ અને રાસોત્સવ પણ ભક્તિભાવ સાથે યોજવામાં આવેલ. પારાયણના યજમાનપદે અ.નિ. પિતા મુળજીભાઈ દેવશી, માતુશ્રી ગં.સ્વ. વીરબાઈ મુળજી હસ્તે સુત પરબત મૂળજી, ધ.પ. દેવબાઈ, પૌત્ર રાજેશ, ધ.પ. કાન્તાબેન, પ્રપૌત્ર મેહુલ, પૌત્રી વિંધ્યા, પૌત્ર કિશોર, ધ.પ. દક્ષાબેન, પ્રપૌત્ર યશ અને પૂર્વ, પૌત્ર સુનિલ, ધ.પ. કાન્તાબેન, પ. પૌત્ર નીવ સમસ્ત વેકરિયા પરિવાર, ગામ મીરજાપર હાલે મોમ્બાસા રહ્યા હતા. યજમાન પરિવાર તરફથી હરિભક્તોને મહાપ્રસાદ પીરસવામાં આવેલ. પારાયણના અંતિમ દિવસે શિક્ષાપત્રી પૂજન બાદ બપોરે કથાની પૂર્ણાહુતિ કરવામાં આવેલ.

## ઈસ્ટલંડન : ઠાકરથાળી

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈસ્ટલંડન (યુ.કે.) મધ્યે તા. ૧૫-૧-૨૦૧૨, રવિવારે મકરસંક્રાંતિ નિમિત્તો મંદિર તરફથી ઠાકરથાળી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

તા. ૨૮-૧-૨૦૧૨, શનિવાર, વસંતપંચમી-શિક્ષાપત્રી જયંતિના યજમાન ગામ માનકુવાના પ.ભ. વિશ્રામભાઈ શામજી શીયાણી રહ્યા હતા. આ જ દિવસે ઈસ્ટલંડન મંદિરના આગામી રજત જયંતિ ઉત્સવના ઉપલક્ષમાં યુવક મંડળ દ્વારા બપોરે ૧ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી મંત્રલેખનનું આયોજન કરી શ્રીજી મહારાજનો રાજીપો મેળવ્યો હતો.

:: અક્ષરવાસ ::

- કેશરબેન લાલજી (કેરા).
- જેઠાભાઈ વિશ્રામભાઈ વેકરીયા માધાપર-અમેરિકા અક્ષરવાસી થયા.
- પ્રેમજીભાઈ કરસન પિંડોરીયા (સરલી) નોર્થ લંડન
- રાધાબાઈ જાદવા વેકરીયા (માનકુવા-નવોવાસ)
- રવજીભાઈ કરસન કેરાઈ તા. ૨૨-૧-૨૦૧૨ના રોજ લંડન મધ્યે અક્ષરવાસી થયા.
- પરબતભાઈ માવજી કેરાઈ (ઉ.સુખપર) તા. ૨૩-૧-૨૦૧૨, સોમવારના રોજ અક્ષરવાસી થયા.
- ધનુબેન હીરજી ગોરસીયા (ઉ.સુખપર) તા. ૨૩-૧-૨૦૧૨ ના રોજ અક્ષરવાસી થયા.
- મનસુખભાઈ હીરજી ગોરસીયા ((ઉ.સુખપર) તા. ૨૩-૧-૨૦૧૨ ના રોજ અક્ષરવાસી થયા.
- વિશ્રામભાઈ દેવજી નારણ કેરાઈ, દેવજીભાઈ ધનજી વેકરીયા (મીરજાપર), શીવજીભાઈ ધનજી વેકરીયા (કોડકી) અક્ષરવાસી થયા.

શ્રીજી મહારાજ સર્વે અક્ષરધામવાસીઓને સુખીયા કરી પોતાનાં ચરણકમળનું સુખ આપે તેવી પ્રાર્થના.

## શ્રી સ્વામિ. ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૫૦૧/- શિવજી ભચુ ગામી-કેરા હાલે લંડન શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ.
૫૦/- પચાણ ભાણજી વાસાણી-રવાપર પૌત્ર જનકના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૦૦/- નમનકુમાર નિતેશભાઈ પોકાર-ચીખલી જન્મદિવસ નિમિત્તે ભેટ. હ. હીરાલાલભાઈ
૧૫૧/- શિવજી ધનજી પિંડોરીયા માસ્તર - માધાપર પુત્રવધુ કલ્પનાનું ઓપરેશન સફળ થતાં ભેટ.
૧૫૧/- હેત દિનેશ હીરાણી - માનકુવા જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૧/- લાલજી ગોપાલ ધનાણી - સુખપર સુપુત્ર ચિ. મનજીના સગપણ નિમિત્તે ભેટ.
૧૦૧/- લાલજી ગોપાલ ધનાણી - સુખપર સુપુત્ર ચિ. સુરેશના સગપણ નિમિત્તે ભેટ.
૨૫૧/- ધર્મ સુરેશ પરબત સેંઘાણી- નારાણપર ઉ.વા. જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૫૧/- જીંકલબેન રમેશભાઈ પરબત પિંડોરીયા-નારાણપર ઉ.વા. જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૦૦/- વાલજી માવજી પિંડોરીયા-દહીંસરા ભુજમાં કથા પારાયણ નિમિત્તે ભેટ.
૨૦૦/- હંસાબાઈ-નારાણપર ઉ.વા. જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૧૧/- શિવજી ધનજી પિંડોરીયા માસ્તર - માધાપર શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૨૫૧/- હીરજી કાનજી કેરાઈ - બળદિયા દોહિત્ર ચિ. મહેશ દેવજી વેકરીયાને ઓસ્ટ્રેલિયામાં પી.આર. મળતાં ભેટ.
૨૫૦/- શિવજી શામજી હીરાણી, ધ.પ. ધનબાઈ સહપરિવાર - માધાપર પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ.
૧૦૦/- રવિલાલ ગોવિંદ રામજી કેરાઈ-માંડવી નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે ભેટ.
૨૦૦/- શ્યામભાઈ વિનોદ ભુડિયા-ફોટડી હાલે મોમ્બાસા જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૫૧/- દિનેશ કેશરા હીરાણી - ભક્તિનગર સુપુત્ર ચિ. ધુનિલના જન્મ પ્રસંગે ભેટ.
૫૦૦/- અ.નિ. મેઘજી શામજી પાંચાણી, ધ.પ. રતનબેન પરિવાર-દહીંસરા અ.નિ. મેઘજીભાઈની પુણ્યસ્મૃતિમાં ભેટ.
૧૦૧/- નીરવ પ્રેમજી હીરાણી-મીરજાપર જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૧/- કાનજી શામજી વેકરીયા-કેરા નવા મકાનના ભૂમિપૂજન નિમિત્તે ભેટ.
૧૦૧/- ચેતનભાઈ સી. ગોર-ભુજ શ્રીહરિકૃષ્ણ મહારાજના પાટોત્સવ નિમિત્તે ભેટ.
૧૦૧/- દક્ષા કુંવરજી ભુડિયા-માધાપર એડવોકેટની ડીગ્રી પ્રાપ્ત કરી તે નિમિત્તે ભેટ.
૫૦૧/- શંકરભાઈ એચ. ગજ્જર-કલકત્તા સ્વ. દેવુબેન વાલજી ગજ્જરની પુણ્યસ્મૃતિ નિમિત્તે ભેટ.
૫૧૦/- વિનોદભાઈ માવજી વરસાણી, ધ.પ. વાસંતીબેન-માધાપર પુત્ર રત્નાના જન્મનિમિત્તે ભેટ.
૨૫૫૧/- શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર મોમ્બાસાના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે હ. પરબતભાઈ વેકરીયા પરિવાર
૧૦૦૧/- પ્રિયંકા શૈલેષ જેસાણી-દહીંસરા હાલે કોઈમ્બતુર પુત્રી રત્નાના જન્મ નિમિત્તે ભેટ.
૧૦૦/- નિલેશ પ્રભુલાલ ચૌહાણ-સુખપર રોહા નવી બાઈક ખરીદી તે નિમિત્તે ભેટ.
૫૦૧/- મહેન્દ્ર જાદવજી ભુડિયા-માધાપર જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૫૧/- અ.નિ. કાનબાઈ લાલજી હાલાઈ-મેઘપર અ.નિ. કાનબાઈના મોક્ષાર્થે ભેટ. હ. દેવશીભાઈ
૧૦૧/- ઠક્કર દામજીભાઈ નરશીભાઈ પલણ - ભુજ સુત વરુણને ત્યાં પુત્રરત્ના જન્મનિમિત્તે ભેટ.
૧૧૧/- ભૂમિચંદ નારાયણ મારુ - જોધપુર સુપુત્ર ચિ. મનિષ જેટ એરવેઝમાં મેનેજર તરીકે નિમણૂંક મળતાં ભેટ.
૧૧૧/- મનિષ ભૂમિચંદ મારુ - જોધપુર પુત્રીરત્નના જન્મ નિમિત્તે ભેટ.

## અક્ષરવાસ

ગામ મેઘપરના માતુશ્રી કાનબાઈ લાલજી હાલાઈ (ઉ.વ. ૮૮) તા. ૨૧-૨-૨૦૧૨ ના દિવસે વહેલી સવારે શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં અક્ષરવાસી થયા છે. શ્રીજી મહારાજ તેમને પોતાના ચરણકમળની સેવાનું સુખ આપે તથા તેમના પરિવારજનોને દુઃખ સહન કવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

# મોમ્બાસા કેન્યા શ્રી ક.સ.સ્વામિનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ

















RNI NO. GUJGUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Regd. No. GKCH-158/2012-2014
WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2012

# મેલ્બર્ન ઓસ્ટ્રેલિયામાં ધામધૂમથી ઉજવાયો
# મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ







